# સહજ-સત્સંગ

અંક : ૨૫૧ વર્ષ : ૨૧ તંત્રી : માનસિંહભાઈ ચાવડા નવેમ્બર - ૨૦૦૯



કૂર્મ - અવતાર



**મા મિરાંબિકા**

માતૃ-પ્રેમ પ્રકાશિનિ, અસુર-શક્તિ વિનાશિનિ ।
ચેતન-વિકાસ પ્રવર્તિનિ, માનવવંશ સુરક્ષિણિ ॥

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

(૨૨-મે-૧૯૧૪)

**આ પરમ ચેતનાની ઊંચાઈએથી આપણી દૃષ્ટિને વ્યક્તિના એકમ, જે પૃથ્વી પર તારા આવિર્ભાવના તાત્કાલિક કરણ તરીકે રહ્યું છે, એમાં તારા સિવાય કશું જ ન જોવું જોઈએ..... આમ આ એકમના હરેક અણુને તારી પરમ અસર ઝીલવા માટે જાગૃત કરવામાં આવશે; અજ્ઞાન અને અંધકાર, માત્ર સ્વરૂપની કેન્દ્રીય ચેતનામાંથી અદૃશ્ય થઈ જશે એમ નહીં પણ એની સૌથી વધુ બાહ્યતમ અભિવ્યક્તિમાંથી પણ અદૃશ્ય થઈ જશે..... પ્રભુ આ સત્ય તું મને વધુ ને વધુ સ્પષ્ટ રીતે સમજાવી રહ્યો છે;..... મારું સારું સ્વરૂપ, એના નાનામાં નાના અણુ સુધી તારા સાંનિધ્યના સંપૂર્ણજ્ઞાન માટે અને એની સાથે સંપૂર્ણ એકરૂપતા માટે અભીપ્સા કરી રહ્યું છે..... તારો પરમ પ્રકાશ હરેક કોષમાં ઝળહળી રહ્યો છે.**

# અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ |
|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (પ્રભુનું કરણ : વ્યક્તિ) | ૧ |
| **દૈનિક જીવનમાં યોગસાધના** (કર્મ) | ૪ |
| **માતૃવાણી** (ધર્મનું સ્વરૂપ) | ૮ |
| **ગીતાનિબંધો** (ગીતાની પરમવાણી) | ૧૨ |
| **માનવવિકાસ ચક્ર** (ખરી અને ભ્રામક આત્મ લક્ષીતા) | ૧૫ |
| **સાવિત્રી** (અચલં બ્રહ્મ) | ૧૭ |
| **યોગ વિષે પત્રો** (નિર્વાણ એક મધ્યાવસ્થા) | ૨૦ |
| **ભારતીય સંસ્કૃતિના પાયા** (ભારતીય સ્થાપત્ય) | ૨૩ |
| **અતિમનસ** (અતિમનસ સૃષ્ટિનો આધાર : શારીરિક કોષો) | ૨૬ |
| **અરવિંદોપનિષદ** (ભૌતિક સૂર્યઃ સત્ય સૂર્યનું જ એક સ્વરૂપ) | ૨૯ |
| **રાષ્ટ્રીય શિક્ષણ** (ભારતમાં રાષ્ટ્રીય - કેળવણી) | ૩૧ |
| **સુંદર કથાઓ** (વિવેકબુદ્ધિ - જીવનનું સુકાન) | ૩૫ |
| **વેદવિજ્ઞાન** (શ્રીસૂક્ત) | ૩૬ |
| **ઉપનિષદોનું અમૃત** (દહરવિદ્યા) | ૩૮ |
| **આગામી - ભાવિ** | ૪૦ |
| **સુન્દરમ્‌નું આંતરિક ધર્મયુદ્ધ** | ૪૧ |
| **પુદૂચેરી આગમન શતાબ્દી** (સિદ્ધિ દિન) | ૪૩ |
| **વિજ્ઞાન અને અધ્યાત્મ** (વૈદિકકાળનું વિજ્ઞાન) | ૪૫ |
| **કવરપેજ ૧ ઉપરની સમજૂતિ કવરપેજ ૪ ઉપર** | |



**મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિંદ સાધના કેન્દ્ર, રાજકોટનું**
**શ્રી અરવિંદ અને શ્રી માતાજીના યોગ દર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક**

**સહજ-સત્સંગ**
અંક : ૨૫૧ વર્ષ : ૨૧
નવેમ્બર - ૨૦૦૯

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧
**મો. ૯૮૨૪૩૭૩૯૨૯**

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

**મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટને આપેલ અર્પણ (દાન) 80 G નીચે ઈન્કમટેક્ષ રાહતને પાત્ર છે.**
**કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ, એકાઉન્ટ પેયી ડ્રાફટ/પોસ્ટલ ઑર્ડરથી**
**'મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ - રાજકોટ' - ના નામે મોકલશો.**
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિંદનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ - પોંડિચેરીના કોપી રાઈટ છે.)



ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ **લા ક્રિએટા** - રાજકોટ - ૦૨૮૧ - ૨૪૬૫૦૭૮

# પ્રભુનું કરણ : વ્યક્તિ

## (પ્રાર્થનાઓ અને ધ્યાન)

## સમજૂતી

**- માનસિંહ ચાવડા**

ગત ૨૦.મે.૧૯૧૪ની અનુભૂતિ પછી માતાજીનો શરીર તરફ જોવાનો દૃષ્ટિકોણ જ બદલાઈ ગયો છે. પરમ નિરાકાર, શુદ્ધ-અસ્તિત્વ સ્વરૂપ અસીમ ચેતના સાથે, અર્થાત્ પ્રભુના નિષ્ક્રિય પાસા સાથે એકરૂપ થયા બાદ ત્યાંથી જોતા આ શરીરરૂપી ભૌતિક એકમ પ્રભુના એક કરણ તરીકે, પ્રભુના આવિર્ભાવનાં એક સાધન તરીકે દેખાય છે. પણ તે એક નિમ્નકોટીનું કરણ છે અને પેલી અસીમ ચેતનાથી ભિન્ન છે એવો જે ભાવ જાગે છે તે માતાજીને હવે ખોટો લાગે છે. ભૌતિક શરીર પણ પ્રભુરૂપ જ છે. તે હજી ઉત્ક્રાંત થઈ રહ્યું છે એટલું જ. તેથી પ્રભુ હાલના તબક્કે શરીરનાં કોષેકોષમાં 'ઓજસ' તરીકે સૂક્ષ્મપાર્થિવ સ્તરે રહેલ છે, તેની દ્વારા તે જ વ્યક્ત થવા, ઉત્ક્રાંત થવા પ્રયત્ન કરી રહ્યો છે. હરેક અણુએ હવે પેલી પરમ-અસીમ ચેતનાનો પ્રભાવ ઝીલતા સભાન રીતે શીખવું પડશે (કોષોની સાધનાનું અહીં બીજ છે) આજે કોષ અવચેતન અને અચેતનનાં અસર નીચે છે. તે અસર નષ્ટ કરવી જરૂરી છે. આવી અસર નષ્ટ કરવાથી ફક્ત કોષોનો કે કેન્દ્રિય સચેતન ભાગ જ કાંઈ તે અસરમાંથી મુક્ત કરવાનો નથી પણ સમગ્ર કોષનું સ્વરૂપ, ઠેઠ બાહ્ય ભૌતિક કવચ પણ પ્રભાવમુક્ત કરવાનો છે. કોષમાં પણ મનોમય, પ્રાણમય અને પાર્થિવ સ્તરો હોય છે, તે બધાને જ પ્રભુના આવિર્ભાવ માટે સક્ષમ કરવાનાં છે. આ સત્ય માતાજીને વધારે ને વધારે સ્પષ્ટ થતાં હવે માતાજીને પોતાની સાધનાનું વિશાળ કાર્ય-ક્ષેત્ર ધ્યાનમાં આવવા લાગ્યું.

માતાજી જણાવે છે કે આ સમજણને કારણે હવે તેમના સ્વરૂપમાંની અભીપ્સા પણ વ્યાપક બની ગઈ છે. તે સ્વરૂપમાંનો ફક્ત ચૈત્યપુરુષ જ પ્રભુ સાથેની એકરૂપતા અને તેની હાજરીની અભીપ્સા સેવતો નથી પણ સમગ્ર સ્વરૂપ તેવી અભીપ્સા સેવી રહ્યું છે. તેમાં મન, પ્રાણ, સૂક્ષ્મ પાર્થિવ અને ભૌતિક સ્તરોનો તો સમાવેશ થાય છે પણ તે દરેક તત્ત્વનાં પણ સમષ્ટિગત સ્તરો અને વ્યષ્ટિગત સ્તરો અર્થાત્ Macro and Micro સ્તરો પણ તેવી જ અભીપ્સા સેવી રહ્યાં છે. માતાજીનાં શારીરિક - કોષો પણ તેવી જ અભીપ્સા સેવી રહ્યાં છે.

આવી અભીપ્સાને કારણે માતાજીના શારીરિક કોષોમાં પણ પ્રભુની હાજરીનો પ્રકાશ માતાજી અનુભવી રહ્યાં છે. માતાજીના કોષો પણ પ્રભુની હાજરી, સાંનિધ્ય અને ચેતનાને પ્રગટ કરવાની ક્ષમતા પ્રાપ્ત કરી રહ્યાં છે.

# દૈનિક જીવનમાં યોગ સાધના (કર્મ)

- જ્યોતિબેન થાનકી

શ્રી અરવિંદના પૂર્ણયોગમાં જીવનમાં રહીને કરવાની સાધના છે. તેમાં જીવનનો ત્યાગ નથી પણ સ્વીકાર છે. જીવનમાંની દરેક બાબતોનો સ્વીકાર કરીને પછી તેને પરમાત્માની ચેતનામાં નવું રૂપ આપવાનું છે. એટલે જ આ સાધના મુશ્કેલ જણાય છે. આપણા રોજિંદા જીવનમાં અનેક પ્રકારની સમસ્યાઓ ઉદ્‌ભવતી હોય છે. આ સઘળી સમસ્યાઓનો યૌગિક દૃષ્ટિએ ઉકેલ કેવી રીતે લાવવો ? જીવનમાં રહીને સાધના કેવી રીતે કરવી ? કુટુંબ પ્રત્યે સઘળી જવાબદારીઓ વહન કરતાં કરતાં શું સાધના થઈ શકે ? આવા અનેક પ્રશ્નો સામાન્ય રીતે આપણાં મનમાં ઊઠતા રહે છે. સાધના અંગે માનવમનમાં ઊઠતા સઘળા પ્રશ્નો, સર્જાતી સમસ્યાઓ, મૂંઝવણો એ બધાંનું સચોટ માર્ગદર્શન શ્રી અરવિંદ અને શ્રી માતાજીએ પુસ્તકો, પત્રો, વાર્તાલાપો દ્વારા આપ્યું છે. તે દ્વારા આપણને દૈનંદિન જીવનમાં સાધના અંગેનું પૂરું માર્ગદર્શન મળી રહે છે.

## સાધનામાં કર્મો બાધારૂપ છે ખરાં?

આપણું દૈનિક જીવન મુખ્યત્ત્વે કર્મ સાથે સંકળાયેલું છે. સવારના ઊઠીએ ત્યારથી સૂવા જઈએ ત્યાં સુધી નાનાં - મોટાં બધાં કોઈ ને કોઈ પ્રકારનું કામ કરતાં જ હોય છે. સામાન્ય રીતે એક એવો પ્રશ્ન ઊઠતો રહે છે કે મનુષ્ય કામમાં એકાગ્ર રહે તો પછી ભગવાનનું ધ્યાન કેવી રીતે કરી શકે ? આથી પ્રચલિત માન્યતા એવી છે કે જો ભગવાન મેળવવા માટે સાધના કરવી હોય, જપ ધ્યાન કરવા હોય તો કર્મો આડાં આવે છે. આથી કર્મો છોડીને એકાંતમાં રહેવાથી પ્રભુનું સાંનિધ્ય જલ્દી મેળવી શકાય છે. આ માન્યતાને પરિણામે જ્યારે મનુષ્ય યોગસાધના કરવા પ્રેરાય ત્યારે તેની પહેલી પ્રતિક્રિયા કર્મો છોડીને પ્રવૃત્તિઓમાંથી નિવૃત્ત થઈને એકાંતમાં ચાલ્યા જવાની હોય છે. અન્ય યોગસાધનામાં ધ્યેય આત્મસાક્ષાત્કારનું કે મોક્ષનું હોઈને આમ કરી શકાય છે. પરંતુ પૂર્ણયોગનું ધ્યેય તો આત્મ સાક્ષાત્કાર પછી જીવનનાં સઘળાં કાર્યો કરતાં કરતાં પરમાત્માની ચેતના સાથે અનુસંધાન કરવાનું છે. કર્મોની બાબતમાં એક બીજો પ્રશ્ન એવો પણ થાય છે કે કામ કરીએ, પરિશ્રમ કરીએ એટલે આપણી શક્તિ ખરચાઈ જાય છે. એટલે પછી થાકી જવાથી ધ્યાન પણ સારી રીતે થઈ શકતું નથી. આવી માન્યતા પણ સાચી નથી. શ્રી અરવિંદ આવા વલણને મનોમય અહંકારે ઊભી કરેલી જાળ રૂપ ગણાવે છે. તેઓ કહે છે કે ''પોતાનો માનસિક વિકાસ કરવા માટે શારીરિક કામ છોડી દેવાનો વિચાર એ તો મનોમય અહંકારે ઊભી કરેલી વસ્તુ છે.''

**પ્રકૃતિના રૂપાંતર માટે કર્મોની આવશ્યકતા :**

શ્રી અરવિંદના યોગમાં આંતરિક અને બાહ્યચેતનાનું સંપૂર્ણ રૂપાંતર કરવાનું છે. આ સંપૂર્ણ રૂપાંતર ફક્ત 'ધ્યાન' દ્વારા થઈ શકતું નથી. કેમકે ધ્યાન આપણી આંતરિક ચેતના સાથે સંકળાયેલું છે. તેનાથી આંતરિક ચેતનામાં જરૂર ફેરફાર થઈ શકે છે. પણ બાહ્યચેતના બદલાતી નથી. એ માટે કર્મોની જરૂર પડે છે. કર્મો દ્વારા જ બાહ્ય ચેતના અભિવ્યક્ત થતી હોય છે. આથી બાહ્યચેતનામાં પરિવર્તન કરવા માટે સાધનામાં સાચા વલણથી કર્મો કરવાં જરૂરી બની રહે છે.

જ્યારે વ્યક્તિ કર્મો છોડી દે છે, ત્યારે તે બાહ્ય - ચેતનાથી વિમુખ બની જાય છે. નિષ્ક્રિય અને જડ બની જાય છે. સાધના માટે કર્મ છોડી દેવાની ઈચ્છા ધરાવતા એક સાધકને શ્રી અરવિંદે પત્રમાં લખ્યું હતું, ''કર્મ સંપૂર્ણપણે છોડી દેવું અને સમગ્ર રીતે પોતાની જાતમાં નિમગ્ન થઈ જવું એવી સલાહ ભાગ્યે જ યોગ્ય લાગે છે. કેમ કે સાધના જો સર્વાંગી બનાવવી હોય તો આંતરિક અનુભૂતિઓ અને બાહ્યવિકાસ બંને વચ્ચે સમતુલા સ્થપાવી જોઈએ. આ સમતુલા કર્મ દ્વારા જ સ્થાપી શકાય છે. નહીં તો સાધકની આંતર પ્રગતિ ગમે તેટલી વધારે હોય પણ તેની બાહ્ય અભિવ્યક્તિ થઈ શકતી નથી. કર્મો દ્વારા જ આંતર પ્રગતિ અને અનુભૂતિઓ, બાહ્ય પ્રકૃતિ, જીવનમાં ઉતારી શકાય છે. પરંતુ કર્મો સાચી રીતે થવાં જોઈએ.''

જો મનુષ્ય કામ કરવાનું છોડી દે અને આખો વખત ધ્યાનમાં જ મગ્ન રહે તો પછી તેને નિમ્ન પ્રકૃતિમાંથી ઊઠતી પ્રતિક્રિયાઓની ખબર જ નહીં પડે. એટલે કે મનુષ્ય કાર્ય કરે તો જ તેને ખબર પડે છે કે તેનામાં સ્થિરતા, શાંતિ, સમતા કેટલાં પ્રમાણમાં છે. એકાંત સાધનામાં તો ગુસ્સો, આવેગ, ઉતાવળ, ભય - આ બધું બહાર આવતું નથી. પણ જ્યારે તે કર્મના ક્ષેત્રમાં આવે છે, ત્યારે તેની સાચી પરખ થઈ જાય છે. જ્યારે તે પોતાની અંદર આ બધી ભિન્ન વસ્તુઓને જુએ છે, તે પછી એને દૂર કરવા પ્રયત્ન કરે છે અને એમાંથી મુક્ત બની જાય છે. શ્રી અરવિંદ કહે છે; '' કર્મો એ નિમ્ન પ્રકૃતિ અને તેનાં પ્રતિકાર્યો દૂર કરવા માટે છે. ભગવાન પ્રત્યે સંપૂર્ણ સમર્પણ કરવા માટેનું એ ક્ષેત્ર છે.'' આમ કાર્યમાંથી નિવૃત્તિ લઈને સાધના કરવાથી દિવ્યરૂપાંતર થતું નથી. શ્રી અરવિંદ આગળ કહે છે કે ''કાર્ય છોડી દેવું એ કંઈ ઉકેલ નથી. તમારે નિયમ, શિસ્ત અને બિન અંગત વ્યવસ્થા પ્રમાણે કામ કરવું જોઈએ. શાંત અને સદા વધુ ને વધુ વિશાળ બનતી જતી ચેતનાની અંદર રહીને કામ કરવું તે સાધના અને સિદ્ધિ બંને એકી સાથે છે.''

**કર્મો તો છે, દર્પણ :**

દર્પણમાં જેમ પ્રતિબિંબ દેખાય છે, તેમ આપણી અંદર રહેલાં સારાં કે નરસાં પરિબળો કર્મ દ્વારા પ્રગટ થઈ જાય છે. આ નરસાં તત્ત્વોને આપણી ચેતનાથી દૂર કરવામાં કર્મો

સહાયક છે. શ્રી માતાજી કહે છે કે આવા તત્ત્વોને ગૂંદવાના હોય છે, વિશુદ્ધ કરવાના હોય છે, મુલાયમ કરવાનાં હોય છે, બિન અંગત કરવાનાં હોય છે.'' વળી આ કર્મો દ્વારા ઊર્ધ્વપ્રકૃતિનો પણ વિકાસ થાય છે. ત્યાગ, સેવા, નમ્રતા, સહિષ્ણુતા જેવા ગુણોનો વિકાસ પણ કર્મ દ્વારા જ થાય છે. જીવનને ઉન્નત કરનારાં જે મહાન મૂલ્યો છે, તેનું પ્રતિસ્થાપન જંગલના એકાંતમાં નહીં, પણ જનસમાજમાં રહીને કાર્યો કરતાં કરતાં થાય છે. આ મૂલ્યોની કસોટી કર્મના ક્ષેત્રમાં ડગલે ને પગલે થાય છે. પણ સુવર્ણને તપાવવાથી તે જેમ વધુ શુદ્ધ બને છે, તેમ મૂલ્યનિષ્ઠ મનુષ્ય પણ કસોટીઓના તાપથી વધુ શુદ્ધ બને છે અને તેના અંતરમાં રહેલા પરમાત્મા સાથેનો સંબંધ વધુ ગાઢ બને છે.

## યૌગિક કાર્યો કેવાં હોય?

સામાન્ય રીતે આપણે એવું માનીએ છીએ કે આપણે પૂજા - પાઠ, હોમ - હવન, ભજન - કીર્તન વગેરે ભગવાન સંબંધી જે કાર્યો કરીએ એ ધાર્મિક કાર્યો. એ યૌગિક કાર્યો અને વ્યવહારિક કાર્યોને પણ અલગ અલગ માનીએ છીએ. પૂજા - પાઠ, સંધ્યા. હોમ - હવન બધાં ધાર્મિક કાર્યો અને નોકરી - ધંધો, વ્યાપાર, ઘરકામ, આ બધાં વ્યવહારિક કાર્યો વ્યવહારના નિયમો પ્રમાણે કરતાં હોઈએ છીએ. જાણે આ બંનેનું ક્ષેત્ર અલગ જ છે એમ માનીને કાર્યો કરવામાં આવતાં હોય છે. આ બંનેનો હેતુ પણ અલગ અલગ જ હોય છે, જ્યારે આ જ કાર્યો પાછળના કોઈ દુન્યવી હેતુ નહીં, પણ પરમાત્માની દિવ્યચેતના સાથેના અનુસંધાનનો જ એક માત્ર હેતુ હોય ત્યારે એ કાર્યો યૌગિક કાર્યો બની જાય છે.

ધાર્મિક કાર્યોના હેતુઓ જુદા જુદા હોય છે. યજ્ઞ, યાગ, હોમ-હવન વગેરે પાછળ મોક્ષ, સંતાનપ્રાપ્તિ, સંપત્તિની પ્રાપ્તિ, પિતૃઓની સદ્‌ગતિ, પરિવારની સુખાકારી વગેરે અનેક હેતુઓ હોય છે, જ્યારે યૌગિક કાર્યો તો પરમાત્માને અર્પણ રૂપે, એમની પ્રાપ્તિ માટે જ થતાં હોય છે. એ કોઈ વિશિષ્ટ કાર્યો નથી, માત્ર હેતુ અલગ છે.

યોગ અને અધ્યાત્મિકના એ મનુષ્યના આંતરજીવન સાથે સંકળાયેલા હોઈને, તેમાં બાહ્યઆચાર કે વિચારોને સ્થાન હોતું નથી. એમાં તો અંતરમાં રહેલા પરમાત્માની સાથે એકરૂપ થવાને માટે સઘળાં કાર્યો છે. મંદિરમાં જઈને ભગવાનની મૂર્તિને કદી પણ માથું નહીં નમાવનારો મનુષ્ય આંતરિક રીતે ભગવાનની સાથે એકરૂપ હોઈ શકે. કદી નિયમિત રીતે પૂજા-પાઠ ન કરનાર મનુષ્ય દિવ્ય ચેતનાનો વાહક બની શકે. આધ્યાત્મિકતા અને યોગ એ આત્માની સાથે સીધી સંકળાયેલી ચેતનાની સ્થિતિ છે. એ સ્થિતિમાં રહીને કરાતાં તમામે કાર્યો એ યોગિક કાર્યો છે.

## આધ્યાત્મિક કાર્યોની વિશિષ્ટતા :

આધ્યાત્મિક કાર્યોની વિશિષ્ટતા એની પાછળ રહેલાં વલણને લઈને છે. બાકી આ કાર્યો કંઈ જુદા પ્રકારના નથી. શ્રી અરવિંદ કહે છે : ''કર્મનું ધાર્મિક રૂપ કે આધ્યાત્મિક

રૂપ અગત્યનું નથી, પણ આંતરિક વલણ અગત્યનું છે. કર્મનું બાહ્ય રૂપ કે ક્રિયા નહીં પણ એની પાછળ રહેલી ચેતના અને શુભ સંકલ્પ એ કર્મયોગનો સાર છે. આ કર્મ એ કર્મના સ્વામી સાથે એકતા સાધવાનું તેમ જ અજ્ઞાનના સંકલ્પ અને શક્તિમાંથી શુદ્ધ સંકલ્પ અને પ્રકાશમાં પહોંચવાનું સાધન છે.'' એટલે કે બહારથી સામાન્ય જણાતું કર્મ પણ એની પાછળની ભાવનાને લઈને આધ્યાત્મિક બની જાય છે. આ સંદર્ભમાં પણ શ્રી અરવિંદે કહ્યું હતું કે ''યોગ માટે તમે કયું કાર્ય કરો છો, એ મહત્ત્વનું નથી, પણ કઈ ચેતનાથી કરો છો, એ મહત્ત્વનું છે.'' તેમણે આગળ એમ પણ કહ્યું હતું કે, ''દેખીતી રીતે નકામાં લાગતાં કાર્યો પણ જો સાચી ચેતનાથી કરવામાં આવે તો ઘણાં ઉપયોગી બની શકે છે.''

**આધ્યાત્મિક રીતે કોઈ કામ નાનું કે મોટું નથી :**

સામાન્ય રીતે આપણે એવું માનીએ છીએ કે જેમાં મહેનત - મજૂરી કરવી પડે એ કામ હલકું છે. એ નોકરોના કામ છે. આપણાથી ન થાય. પણ આ બધાં કાર્યો - સફાઈ કરવી, એઠાં વાસણો સાફ કરવાં - વગેરે આધ્યાત્મિક દૃષ્ટિએ જોતાં બિલકુલ હલ્કાં નથી. મહાભારતમાં ખુદ શ્રીકૃષ્ણ ભગવાને યુધિષ્ઠિરના યજ્ઞમાં એંઠી પતરાવાળીઓ ઉપાડીને સાબિત કરી આપ્યું કે કોઈ કામ કરવું હલકું નથી. આ સંદર્ભમાં શ્રી અરવિંદે પણ જણાવ્યું છે કે, ''આધ્યાત્મિક દૃષ્ટિએ જોતાં કોઈ કાર્ય નાનું કે મોટું નથી. નાના - મોટાના વિચારો સાહિત્યિક લોકોના વિચારો જેવા કે જેઓ માને છે કે કવિતા લખવી એ ઊંચું કર્મ છે અને જોડાં સીવવા કે રસોઈ કરવી એ નીચું અથવા હલકું કામ છે. પરમાત્માની દૃષ્ટિએ તો બધું જ સમાન છે.'' યોગિક કે આધ્યાત્મિક કર્મમાં વ્યક્તિગત હેતુઓ, યશપ્રાપ્તિ, દુન્યવી મહાનતા માટેની ઈચ્છા, વ્યક્તિના પોતાના માનસિક હેતુઓ, પ્રાણની ભૂખો - માંગણીઓ અથવા શારીરિક પસંદગીઓ - આમાંનું કશું ન હોવું જોઈએ. તો જ તે વ્યક્તિને આધ્યાત્મિક રીતે આગળ લઈ જાય છે. અહંકારમાંથી થએલું કર્મ અજ્ઞાની લોકોને માટે ગમે તેટલું ઉપકારક હોય પણ યોગસાધનામાં એનો કોઈ ઉપયોગ નથી.

**આધ્યાત્મિક કાર્યોથી થતી જ્ઞાનની પ્રાપ્તિ :**

સામાન્ય કાર્યો પાછળની ભાવના જુદી હોવાથી તે કાર્યોનું ફળ તેની ભાવના પ્રમાણે મળે છે. પણ આધ્યાત્મિક કાર્યો તો ભગવાનને સમર્પિત ભાવે કરાતાં હોઈને તેનું ચિંતન વારંવાર કરીએ છીએ, એની સાથે સૂક્ષ્મ રૂપે આપણી એકરૂપતા થઈ જાય છે. આ એકરૂપતાથી આપણા હૃદયમાં પરમાત્માનું જ્ઞાન સહજપણે સ્ફૂરે છે, આ જ્ઞાન થતાં પરમાત્મા પ્રત્યે ઉત્કટ પ્રેમ જાગે છે, એટલે ભક્તિ પણ સહજ બને છે. આમ આધ્યાત્મિક કાર્યોથી કર્મ, જ્ઞાન અને ભક્તિની ત્રિવિધ સાધના સાવ સહજપણે થવા લાગે છે અને તેથી પરમાત્માનું સાંનિધ્ય ઝડપથી પ્રાપ્ત થાય છે.

# માતૃવાણી

- શ્રી માતાજી

## ધર્મનું સ્વરૂપ

### અવતરણો

(માતૃવાણી - ૩, પૃ. ૮૩-૯૨)

૨, જૂન, ૧૯૨૯

૧ ઊર્ધ્વ - મનોમય ભૂમિકામાં ધર્મનું ઉદ્‌ભવ સ્થાન રહેલું છે. પૃ.૮૩

૨ માનવે ઉત્પન્ન કરેલાં ધર્મો અનેક છે. પૃ.૮૩

૩ ધર્મોનું મુખ્ય મંતવ્ય : મારા ધર્મમાં પરમ સત્ય રહેલું છે, તે કેવળ સત્ય છે, બીજા બધા ધર્મો અસત્ય છે, અથવા મારા ધર્મથી ઊતરતા છે. પૃ.૮૫

૪ ધર્મ સૌ કોઈને અંતરાય રૂપ જ નીવડવો જોઈએ એવું નથી - મંદિરોમાં થતી વિધિઓ જેવા ધાર્મિક બાહ્યાચાર વડે તેમનામાં રહેલી આધ્યાત્મિક અભીપ્સાને એક પ્રકારનો ટેકો તથા પુષ્ટિ મળે છે. પૃ.૮૫

૫ દરેક ધર્મમાં ઉચ્ચ પ્રકારનું આધ્યાત્મિક જીવન પ્રાપ્ત કરેલું હોય એવી વ્યક્તિઓ મળી આવે છે. પૃ.૮૬

૬ જગતમાં ઉત્તમમાં ઉત્તમ અને અધમમાં અધમ કાર્યોની પાછળ પણ ધર્મની જ પ્રેરણા રહેલી છે. પૃ.૮૬

૭ સઘળા ધર્મોની પ્રતિષ્ઠા પરાપૂર્વથી ચાલી આવતી અમુક રૂઢ માન્યતાઓ ઉપર જ બંધાએલી છે. પૃ.૮૮

૮ જ્યારે તમે અમુક વસ્તુઓ તમારી પોતાની સ્વતંત્ર ઇચ્છાથી સ્વીકાર કરો ત્યારે જ તેમાં આધ્યાત્મિક મૂલ્ય પ્રગટે છે. પૃ.૮૯

૯ આપણે દરેકે કેટલાએ જુદા જુદા દેશોમાં જન્મ લીધો છે, જુદી જુદી પ્રજા તરીકે જીવ્યા છીએ. જુદા જુદા ધર્મોનું અનુસરણ કર્યું છે. પૃ.૮૯

૧૦ તમારા બધા સંબંધોને તમારે અંતરાત્માના સ્વતંત્ર નિર્ણય પ્રમાણે નવેસરથી રચવાનાં છે. પૃ.૯૦

૧૧ સત્ય તો સ્વયં પ્રકાશ છે. જગત ઉપર તેને લાદવાનું નથી. પૃ.૯૧

૧૨ જ્યારે તમે યોગસાધના કરવા તત્પર થાઓ ત્યારે તમારા મનના ઘડેલા બધા ઘાટોના તથા પ્રાણના રચેલા આધારોના ટુકડે ટુકડા થઈ જાય તેને માટે તમારે તૈયાર રહેવું જોઈએ. પૃ.૯૨

૧૩ તમારો ધર્મ, તમારો દેશ, તમારું કુટુંબ ત્યાં છે - પ્રભુમાં. પૃ.૯૨

## **સમજૂતી** - માનસિંહ ચાવડા

### માતાજી, ધર્મનું સાચું સ્વરૂપ શું છે ? આધ્યાત્મિક જીવનમાં તે અંતરાયરૂપ બને છે ?

ધર્મ માનવનાં ઊર્ધ્વ-મનમાંથી જન્મ્યો છે. કોઈ પરમ તત્ત્વને પામવાની તેમાં ઝંખના હોય છે. તે પરમ તત્ત્વને ઈશ્વર આત્મા, સત્ય, અનંત, પરંજ્ઞાન, પૂર્ણતા એવા તે જુદાં જુદાં નામ આપે છે. ધર્મનું મૂળ પ્રભુ પ્રેરિત હોવા છતાં તેની રચના માનુષી જ હોય છે.

ધર્મો અનેક છે. તેમનું મૂળ સંસ્થાપકની જુદા જુદા સ્તરની અનુભૂતિઓ હોય છે. પણ તેમનું બંધારણ લગભગ સમાન જ હોય છે. દા.ત. ખ્રિસ્તી ધર્મના મૂળ યેશુની અનુભૂતિઓમાં છે પણ તેનું બંધારણ પાછળથી તેના અનુયાયીઓએ રચ્યું છે અને તે રચના કરતી વખતે તેઓ મૂળ દિવ્યતા ખોઈ બેઠા છે. યેશુ ખ્રિસ્ત જે દિવ્યતા જીવ્યાં, જે સત્યને અનુસર્યા, તેને ભાગ્યે જ કોઈ અનુસરે છે. તેમાં પણ ફાંટા પડી કેથોલિક, પ્રોટેસ્ટંટ જુદા પડ્યાં.

બુદ્ધે એકાતમાં ધ્યાન દ્વારા વ્યાધિ, મૃત્યુ, કામના, પાપમાંથી મુક્તિનો માર્ગ શોધ્યો. શિષ્યોને ઉપદેશ્યો. તેમનાં દેહત્યાગ પછી ધર્મસભાએ તેનું બંધારણ ઘડ્યું. તે નિર્જીવ બનતાં મતમતાંતરો થયાં. તેના હીનયાન, મહાયાન, વજ્રયાન જેવા ફાંટા પડ્યાં.

ધર્મ પણ પોતાના અનુયાયીઓને સંઘટન ટકાવવા ઈનામ આપે છે અને શિક્ષા કરે છે.

દરેક ધર્મ પરમ-સત્ય તેના જ ધર્મમાં રહેલ છે એવું અનુયાયીઓના મનમાં ઠસાવવા પ્રયત્ન કરે છે. પણ આ મિથ્યાગ્રહ અધ્યાત્મમાં અંતરાય રૂપ બને છે. ધર્મની સંકુચિત, લોખંડી જીવનપ્રણાલી અધ્યાત્મિકતાને મૂંઝવે છે, કારણ તેમાં માનવનો અંતરાત્મા મુક્ત રીતે પ્રગતિ કરી શકતો નથી.

પણ ધર્મ બધા માટે અંતરાય રૂપ જ છે એમ કહી ન શકાય. માનવ-કૃતિમાંની અપૂર્ણતાઓ ધ્યાનમાં લઈ ધર્મમાંની જીવંત અભીપ્સાને અનુસરો તો તે નિશ્ચિત મદદરૂપ થાય છે. આ રીતે ધર્મ અધ્યાત્મની પૂર્વ તૈયારી રૂપ બની શકે છે અથવા તેમાંથી તમારા સાધના-માર્ગ માટે પ્રકાશ મેળવી શકો છો.

જે લોકો ભાવમય જીવન વધારે જીવે છે. બૌદ્ધિક ચિંતનની જેમને જરૂર લાગતી નથી. તેમને માટે ધર્મ ઘણો મદદરૂપ બની શકે છે. ધર્મમાંના વિધિવિધાનો તેમની અભીપ્સામાં જોમ પૂરે છે.

ઘણા લોકો સ્વભાવથી જ આધ્યાત્મિક-જીવન જીવતા હોય છે. તેઓમાં તેવી

આંતરિક ક્ષમતા જ હોય છે. તેઓ ધર્મમાં રહેવા છતાં તેમને તે અંતરાય રૂપ લાગતો નથી, કારણ ધર્મના વિધિવિધાનો તેમને પ્રતીકાત્મક લાગે છે જે તેમની અનુભૂતિને અનુરૂપ હોય છે. તેઓની બૌદ્ધિક ક્ષમતા બહુ વિકસિત ન હોવાથી તેઓ ધર્મનો ટેકો લે છે એટલું જ. આવા લોકોની ધર્મ-ભાવનાને ઠેસ પહોંચાડવી ન જોઈએ. તે એક અપરાધ ગણાશે. આવા લોકો અમુક કક્ષા સુધીનું આધ્યાત્મિક જીવન સરસ રીતે જીવી શકે છે.

ધર્મો જેમ મદદરૂપ છે તેમ માનવો માટે શ્રાપરૂપ પણ બન્યાં છે. ધર્મના નામે અમાનવીય કતલો થઈ છે. અમાનુષી અત્યાચારો થયાં છે. ધર્મયુદ્ધો ખેલાયાં છે. આંતકવાદ વધ્યો છે. બીજી બાજુ ધર્મને લીધે ભવ્ય આત્મબલિદાનો અપાયાં છે. અમુક કક્ષાની આધ્યાત્મિક ખીલવણી પણ થએલ છે.

ધર્મનાં આંતરિક તત્ત્વોને વિવેકથી ઉપયોગમાં લેશો તો ધર્મ અધ્યાત્મમાં સહાયરૂપ નિશ્ચિત બની શકે છે.

માનવ જ્યારે મનસાતીત કોઈ શક્તિ કે સત્તાનાં સંપર્કમાં થોડીવાર આવે છે ત્યારે ખૂબ જ અભિભૂત થઈ જાય છે અને તે પોતામાં કાયમી સ્વરૂપે જીવંત બની ગઈ છે એમ માનવા લાગે છે. તેમાંથી તેને પોતે કોઈ જૂનો અવતાર છે એવો ભ્રમ નિર્માણ થાય છે. આવી ભ્રમણાઓ સમાજમાં વારંવાર ફેલાતી દેખાય જ છે.

આ બધાં ધર્મનાં સાચાં ખોટાં પરિણામો છતાં એક આધ્યાત્મિક સત્ય તો નિશ્ચિત છે કે કોઈ અચિંત્ય દિવ્ય-ચેતના ધર્મ અને અન્ય વિવિધ ક્ષેત્રો દ્વારા પોતાને પ્રગટ કરવા પ્રયત્ન કરી રહી છે. તે આવિર્ભાવ અશુદ્ધ કે અપૂર્ણ હોઈ શકે છે, પણ તેમાંથી જ વધારે પૂર્ણ અવિર્ભાવ ક્રમશઃ વિકસતો હોય છે. આ આધ્યાત્મિક સત્ય લોકોના જેટલું વહેલું ધ્યાનમાં આવશે, તેટલી માનવ-વંશની આધ્યાત્મિક પ્રગતિ વધારે સરળ બનતી જશે.

આધ્યાત્મિક પ્રગતિ માટે સ્વતંત્રતા એ મૂળભૂત ગરજ છે. સ્વૈચ્છિક સ્વીકાર અને સમર્પણમાં જ આધ્યાત્મિકતા પ્રગટે છે. સ્વૈચ્છિક એટલે આત્માની અભીપ્સાને કારણે સ્વીકારેલી; નહિ કે પ્રસાર, પ્રચારના પ્રભાવ તળે અથવા લાભાલાભને ધ્યાનમાં લઈને કરેલો વ્યવહારુ સ્વીકાર. સાચી સ્વીકૃતિમાં તે વસ્તુનાં આંતરિક સત્યનાં દર્શન અચૂક થાય છે.

આપણે બધાએ અનંત જન્મો ધારણ કર્યા છે. અસંખ્ય ધર્મોને અનુસર્યા છીએ. અનેક સમાજમાં જન્મ લીધો છે. અનેક વિધિવિધાનોમાં શ્રદ્ધા રાખી છે. અનેક ભાષા બોલ્યાં છીએ. તે બધાને કારણે આપણામાં અનેક વ્યક્તિ-સ્વરૂપો બંધાએલાં છે. તે બધા એકબીજાથી અજાણ હોય છે. પ્રસંગોપાત તેમાંથી કોઈ અગ્રભાગે આવી પ્રગટ થાય છે.

પણ વધારે સમય પાર્શ્વભૂમિમાં પડ્યા રહે છે. તે બધાનો સામૂહિક-પરિણામ એટલે આપણું આજનું સ્વરૂપ. તેથી આપણા સ્વરૂપમાં અનેક-પ્રકારનાં વિસંવાદ, પરસ્પર વિરોધી વાતો જોવા મળે છે. આ બધાં જ સ્વરૂપો અવચેતનનું સર્જન હોય છે. તેમનો ત્યાગ કરીને જ તેમનામાંથી મુક્તિ મેળવીને જ સાચી અધ્યાત્મિકતા પ્રાપ્ત થાય છે. તેથી તે બધામાંથી મુક્ત થવું ખૂબ જ જરૂરી છે. તેવી મુક્તિમાં જ આપણાંમાં રહેલ આત્મતત્ત્વ પોતાનાં સાચા, શુદ્ધ સ્વરૂપમાં પ્રગટ થઈ શકશે. આત્મા જે સત્ય છે તે નિરપેક્ષ હોય છે. તેનું અસ્તિત્વ આપણી સંમતિ, શ્રદ્ધા કે વિશ્વાસ ઉપર આધારિત નથી. તેની મહત્તા અનુયાયીઓની સંખ્યા ઉપર આધાર રાખતી નથી. તે સ્વયં પ્રકાશિત, સ્વનિર્ભર સત્તા છે. તે જાહેરાત કરતું નથી. તે ફક્ત પોતાનો આવિર્ભાવ કરવામાં જ માને છે. તેને માન્યતા મળે એવી પણ તેની અપેક્ષા નથી.

પોતાની દિવ્ય-ચેતના ઉપર જ શ્રદ્ધા અને આધાર રાખી યોગ-સાધનામાં ઝંપલાવવાનું હોય છે. ભૂતકાળને ખેરવીને જ હાલમાં જ જન્મેલા નવજાત બાળક બની જશો તો જ સાચી શુદ્ધ આધ્યાત્મિકતાને પામશો, અન્યથા નહિ.

આપણો સાચો દેશ છે પ્રભુ, આપણો સાચો કુટુંબી છે પ્રભુ, આપણો સાચો સનાતન ધર્મ છે પ્રભુ.


## પ્રકાશિત થઈ ચૂક્યું છે

**સુન્દરમ્ - પૂર્ણયોગના પ્રકાશમાં** - લે. કિરીટ ઠક્કર

**પ્રકાશક અને વિક્રેતા - શ્રી અરવિંદ મેમોરિયલ ટ્રસ્ટ, વડોદરા.**

**પૃષ્ઠ સંખ્યા - ૩૧૨, હાર્ડ બાઉન્ડ - મૂલ્ય - ૧૦૦/-**

લેખકશ્રી કિરીટભાઈ ઠક્કરે શ્રી સુન્દરમ્ જન્મ શતાબ્દી પ્રસંગે જ ગુજરાતને શ્રી અરવિંદ અને શ્રી માતાજી પ્રત્યે અભિમુખ કરવામાં જેમનો મહત્ત્વનો ફાળો છે, એવા મૂર્ધન્ય કવિ કરતાં એક ગુપ્ત પૂર્ણયોગી કહી શકાય તેવા શ્રી સુન્દરમ્નું અંતરંગ બહિરંગ ચરિત્ર લેખન ખૂબજ વિશ્વસનીય રીતે ભાવવાહી શૈલીમાં રજૂ કરી સુન્દરમ્ની ગુજરાતને સાચી ઓળખાણ આપી છે. તેઓ ધન્યવાદને પાત્ર છે. વધારામાં પૂર્ણયોગની સાધના કેવી હોય છે તે પણ સાધકોને જણાશે.

**- ટ્રસ્ટી મંડળ**

# ગીતાનિબંધો

- શ્રી અરવિંદ

## ગીતાની પરમ-વાણી (પૃ.૪૦૨-૪૨૩)

## અવતરણો - (ભા.૨ - પ્રકરણ - ૫)

૧ યોગ માત્ર એટલે પ્રભુ માટેની ખોજ..... જ્ઞાન જેટલા પ્રમાણમાં પર્યાપ્ત હશે તે પ્રમાણેની આપણી ખોજ બનશે. તદ્નુસાર યોગની..... ગહનતા અને પૂર્ણતા તથા સાક્ષાત્કારની સમગ્રતા આપણે પ્રાપ્ત કરી શકશું. પૃ.૪૦૨

૨ સર્વમાં વસી રહેલ વાસુદેવ - આપણી પાસેથી આપણા જીવનરૂપી યજ્ઞની માગણી કરી રહ્યો છે. પૃ.૪૧૦

૩ મારા જન્મને દેવો કે ઋષિઓ કોઈ જાણતા નથી (૧૦/૨) પૃ.૪૧૨

૪ હે ભગવન્, દેવો કે દાનવો બેમાંના કોઈપણ તારા આવિર્ભાવને જાણતા નથી (૧-૧૪) પૃ.૪૧૩

૫ મહર્ષયઃ સપ્તપૂર્વે (૧૦/૬)... એ દિવ્યજ્ઞાનની શક્તિનાં સ્વરૂપો છે. પૃ.૪૧૪

૬ 'પ્રજ્ઞાપુરાણી'એ પોતાની સચેતન અનંતતામાંથી સર્વ વસ્તુઓનો વિકાસ કર્યો છે. પૃ.૪૧૪

૭ પ્રકૃતિનું મૂળ જોતાં એના અસલ સ્વરૂપમાં એ પરાત્પરની જ આધ્યાત્મિક શક્તિ છે. પૃ.૪૧૫

૮ જે કાંઈ અસ્તિત્વમાં આવે છે તે સઘળું પ્રભુના આવિર્ભાવ રૂપ છે (૧૦/૫) પૃ.૪૧૭

૯ પરાત્પર, વ્યક્તિ અને વિશ્વ - એક જ પરમ દેવ છે. પૃ. ૪૧૭

૧૦ મુક્ત પુરુષના મન અને આત્મા બન્ને દ્વારા તો આ વિશ્વનાં દિવ્ય મહેશ્વરની ઉત્પાદન અને સંચાલન સંનિદ્ધિ આ જગતમાં વ્યાપી રહેલી છે. પૃ.૪૨૦

### સમજૂતી - માનસિંહ ચાવડા

ઋગ્વેદોમાં એક સૂક્તમાં પ્રશ્ન પૂછેલ છે ''કસ્મૈ દેવાય હવિષા વિધેમ'' હું કયા દેવને જીવનના કર્મોની આહુતિ આપી સમર્પિત થાઉં ? અને તેનો જવાબ છે ''કસ્મૈ દેવાય હવિષા વિધેમ'' અર્થાત્ 'ક' જેમ વ્યંજનોનો આદ્યાક્ષર છે તેમ જે આદ્યદેવ છે તેને જ જીવનનાં કર્મની આહુતિ આપવાની છે.

આપણા સ્વરૂપનાં બે પાસા છે - અક્ષરપુરુષ અને ક્ષરપુરુષ. અક્ષરપુરુષ નિષ્ક્રિય અને નિરાકાર સનાતન - પ્રશાંતિ સ્વરૂપ છે. તે પુરુષોત્તમનાં સંકલ્પોને ક્ષરપુરુષ સુધી પહોંચાડવાનું માધ્યમ પૂરું પાડે છે. ચૈત્યપુરુષ જ ક્ષરપુરુષ છે. તે અક્ષરપુરુષમાંથી મળતી

પ્રેરણાનુસાર કર્મો કરી પુરુષોત્તમને સંતુષ્ટ કરે છે. ક્ષર અને અક્ષર બન્ને પુરુષોત્તમનાં જ પાસા છે. તેથી પુરુષોત્તમ જ આદ્યદેવ છે. તે જ આપણામાં વસનાર વાસુદેવ છે. તેના માટે જ આપણા જીવનરૂપી યજ્ઞમાં વિચારો, ભાવનાઓ અને શારીરિક કર્મો રૂપી આહુતિ અપાઈ રહી છે અને પુરુષોત્તમ જ તેનો ભોકતા છે. તે જ તેમનો ઉપયોગ કરીને પોતાનો વધારે ને વધારે આવિર્ભાવ જીવન દ્વારા કરવા મથી રહ્યો છે. આ પરમ-રહસ્યને પ્રગટ કરી ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે **ભૂય એવ શૃણુમે પરમં વચઃ (૧૦/૧)** અર્જુન પ્રિય છે તેથી તને આ પરમ-રહસ્ય જણાવી રહ્યાં છે. આવાં જ્ઞાન ઉપર આધારિત પરાભક્તિ સાચા યોગીઓ કરે છે (**ભજંતિ પ્રીતિપૂર્વકમ્ ૧૦/૧૦**)

આ પુરુષોત્તમ ચેતના કેવી રીતે અસ્તિત્વમાં આવી છે તે દેવો અને મહર્ષિ બન્નેમાંથી કોઈ જાણતું નથી. કારણ તેઓ પણ આ પુરુષોત્તમ - ચેતનાનાં આવિર્ભાવ માત્ર છે (**ન મે વિદુઃ સુરગણાઃ પ્રભવં ન મહર્ષયઃ (૧૦/૨)** પુરુષોત્તમ ચેતના તો અજન્મા છે અને તેથી અનાદિ છે. (**યો મામ-જમનાદિં ચ વેત્તિ (૧૦/૨)** આવી રીતે જે યોગી આ મૃત્યુને આધિન જગતમાં પોતાના મૂળ પુરુષોત્તમ સ્વરૂપને સભાન રીતે અનુભવે છે. તેઓ બધા પાપોથી મુક્ત થઈ જાય છે (**યો વેત્તિ અસંમૂઢઃ સ મર્ત્યેષુ સર્વપાપૈઃ પ્રમુચ્યતે (૧૦/૩)**

અર્જુનને પણ ખાતરી થાય છે કે આવા કોઈ વ્યક્તિ - સ્વરૂપને દેવો કે દાનવો પણ જાણતા નથી (**વ્યક્તિં વિદુર્દેવા ન દાનવાઃ (૧૦/૧૪)** કારણ તે પુરુષોત્તમ ચેતના જ બધાનું બધી રીતે જ મૂળ કારણ છે (**અહં આદિઃ સર્વશઃ ૧૦/૨**)

આ પુરુષોત્તમ ચેતનાએ જ વિવિધ રૂપો લીધાં છે તેમાં મૂળ સાત સપ્તર્ષિ અને ચાર મનુનો સમાવેશ થાય છે (**મહર્ષયઃ સપ્તપૂર્વે ચત્વારઃ મનવસ્તથાઃ (૧૦/૬)**

પુરુષોત્તમનાં સપ્તરંગી પ્રકાશ કિરણો સ્વરૂપ આ સાત દિવ્ય-શક્તિઓ છે (વેદોની અગ્નિની સપ્ત જીવ્હા) જેમણે સાત ઋષિઓનાં વ્યક્તિ સ્વરૂપો લીધાં છે. આ બધાં જ પુરુષોત્તમની પ્રજ્ઞાશક્તિનાં જ પ્રકારો છે (**પ્રજ્ઞાપુરાણી**). આ સાત દિવ્યશક્તિઓએ જે માનસિક દૈવીગુણો સર્જ્યાં છે તેમનાં મિશ્રણથી ચાર મૂળ મનુઓ નિર્માણ થયાં છે. તેઓ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્રની પ્રકૃતિનાં આદિ - પુરુષો છે (**યેષાં લોક ઈમાઃ પ્રજાઃ ૧૦/૬**) આ બધાં માનસિક - ગુણો હોવાથી ગીતા તેમને **'મદ્ભાવ માનસા જાતઃ'** કહે છે.

પ્રકૃતિમાં નિર્માણ થતાં આ બધાં વ્યક્તિ સ્વરૂપો છે. પ્રકૃતિ મૂળતઃ પુરુષોત્તમની આત્મ-શક્તિ છે. જે પુરુષોત્તમના આવિર્ભાવનાં વ્યક્તિ-સ્વરૂપો રચે છે. વ્યક્તિ સ્વરૂપો પ્રકૃતિમાં સીધે સીધા રચાતા નથી પણ તેમાં સૂક્ષ્મ સ્તરે પ્રથમ સમષ્ટિ-રૂપ રચાય છે. આ સમષ્ટિ-રૂપ (સામૂહિક-ચેતના સ્વરૂપેનું) ભૌતિક સ્તરે પ્રગટ થવા પ્રયત્ન કરે છે ત્યારે લહેરો સ્વરૂપે, ઉછાળા સ્વરૂપે વ્યક્તિ-રૂપો રચાતાં હોય છે.

વ્યક્તિ સ્વરૂપો સમષ્ટિ - રૂપને પૂર્ણ રીતે પ્રગટ કરી શકતા નથી તેથી તેમાં વિકૃતિ પ્રવેશતી હોય છે. પણ અંતે આ સર્વનું મૂળ તો પુરુષોત્તમ ચેતના જ છે **(અહં સર્વસ્ય પ્રભવો મત્તઃ સર્વઃ પ્રવર્તતે** (૧૦/૮) આવી રીતે બધી જ દિવ્ય-શક્તિઓ (ઋષયઃ) અને બધા જ માનસિક દિવ્યગુણો (મનવઃ) બન્ને અંતે તો પુરુષોત્તમ ચેતાનાં જ આવિર્ભાવ સ્વરૂપ છે **(ભવંતુ ભાવઃ ભૂતાનામ્ ૧૦.૫)**

પુરુષોત્તમમાંથી જ બધું આવિર્ભાવ પામ્યું છે પણ શું પુરુષોત્તમ પોતે તેમનાથી અળગો છે? જુદો છે ? તો જવાબ નકારાર્થી છે. પુરુષોત્તમ જ વિશ્વરૂપ પણ બન્યો છે. તે પરાત્પર પણ છે અને અંતરાત્મા પણ છે. તે બન્ને ઠેકાણેથી ભૂતમાત્રનું સંચાલન કરે છે. તે જ મહેશ્વર છે **(ભૂતાનાં ઈશ્વરોપિસન્)** તે મહેશ્વર તરીકે બધાને દિવ્યાનંદ તરફ દોરી લઈ રહ્યો છે.

પુરુષોત્તમ - ચેતનાની આમ ત્રણ વિશેષતા વર્ણવી છે અને તેના ખાસ પરિણામ પણ દર્શાવેલાં છે :

૧ જે પુરુષોત્તમને અજ અને અનાદિ જાણે છે તે માયાના બંધનમાંથી મુક્ત થાય છે. (૧૦.૩)

૨ જે પુરુષોત્તમની દિવ્ય વ્યક્તિતા અને ઐશ્વર્ય (સામાર્થ્ય)ને જાણે છે તે પુરુષોત્તમ ચેતના સાથે યોગથી જોડાઈ જાય છે.

૩ જે પુરુષોત્તમને બધાનું જન્મસ્થાન અને કારણ તરીકે જાણે છે. તેને બુદ્ધિ-યોગ આપું છું અને તેમના અચિત્‌નો નાશ કરું છું. (૧૦-૧૦-૧૧)

આનો અર્થ કે જે પુરુષોત્તમના આ વિવિધ પાસાઓને જાણે છે તે તેનાં દિવ્યજ્ઞાન અને સામર્થ્યમાં સહભાગી થઈ કર્મ કરવા નિર્વૈયક્તિક સત જે નિષ્ક્રિય છે, નિર્ગુણ છે, તેમાં સ્થિર થઈ દિવ્યપ્રેરણાનુસાર જ કર્મો કરે છે. કર્મનગરની પ્રશાંતિમાં સ્થિર થઈ, મુક્ત દશા ભોગવવી એ અંતિમ સિદ્ધિ નથી. પણ તે જ સતની સગુણ સાકાર દિવ્ય-વ્યક્તિતા ધરાવતી સક્રિય બાજુને પણ અનુભવી, તેની સક્રિયતામાં સહભાગી થવું એ અંતિમસિદ્ધિ છે **(એતાં વિભૂતિં મમ યો વેત્તિ ૧૦.૭)** આ જ પુરુષોત્તમનો યોગ છે **(યોગં ચ મમ- ૧૦.૭)** આવો જ્ઞાની વ્યક્તિસ્વરૂપ, વિશ્વસ્વરૂપ અને વિશ્વાતીત સ્વરૂપ ત્રણે સ્તરની પુરુષોત્તમ ચેતનાને જાણતો હોય છે અને તેથી તેવા જ્ઞાનીનો યોગ અચલ સ્વરૂપનો સ્થાયી સ્વરૂપનો બની જાય છે **(અવિકંપેન યોગેનયુજ્યતે ૧૦.૭)**. આવા યોગીની બધી ક્રિયાઓ પુરુષોત્તમની ક્રિયાઓ બની જાય છે **(સવર્થા વર્તમાનોડપિ સ યોગી મયિ વર્તતે ૬.૩૧)** આવા યોગીના ભાવને જ ગીતા **'મદ્‌ભાવ માગતાઃ'** તરીકે વર્ણવે છે.

આ જ પ્રભુનું મૂળ આદિસ્વરૂપ છે.

## માનવવિકાસ ચક્ર

- શ્રી અરવિંદ

પુસ્તક પરિચય - **શ્રી કે.કે.ખખ્ખર**

(લેખ ક્રમાંક - ૬)

# ખરી અને ભ્રામક આત્મલક્ષીતા

માનવવિકાસના તર્ક અને વ્યક્તિવાદી યુગ પછી આવેલા આત્મલક્ષીતાના યુગની સમજૂતીને શ્રી અરવિંદે ખરી અને ભ્રામક આત્મલક્ષીતા તરીકે વિભાજન કરી છે. જ્યારે વ્યક્તિ તેના 'સ્વ' (ખરી આત્મલક્ષીતા)ને પાછળ ધકેલી દઈને તેના 'અહમ્' (ભ્રામક આત્મલક્ષીતા)ને આગળ કરે છે ત્યારે વ્યક્તિની સર્જાતી ઓળખ માત્ર બાહ્યસ્વરૂપની હોય છે. આવી ઓળખને જ્યારે સાચી માની લેવામાં આવે ત્યારે તે ભ્રામક સાબિત થાય છે. આથી વ્યક્તિનું નિજી સ્વરૂપ પડદા પાછળ ઢંકાઈ જાય છે અને તેના વિવિધ સ્વરૂપે વ્યક્ત થતી બાહ્ય ઓળખ અગ્રસ્થાન લઈ લે છે. આવી બાહ્ય ઓળખના આધારે વ્યક્તિ પોતાને અન્યોથી અલગ પાડી શકે છે. વળી જન્મ, ભાષા, ધર્મ, ઈતિહાસ, સંસ્કૃતિ કે માત્ર ચામડીના રંગના આધારે ઊભી થતી ઓળખના આધારે વ્યક્તિઓના વિવિધ સમુદાયો રચાય છે. આવા સમુદાયો સાથે દેશ અને પ્રદેશની ભૌગોલિક વિશેષતાઓ ઉમેરાય છે. સમાન બાહ્ય સ્વરૂપોના આધારે અલગ ઓળખ ઊભી કરતા આવા સમુદાયો તેમના જેવી ઓળખ નહીં ધરાવતા સમુદાયો, પ્રદેશો અને રાષ્ટ્રોથી પોતાને અલગ પાડવાનું વલણ ધરાવતા થાય છે. આથી વ્યક્તિગત તથા સામુદાયિક ધોરણે અનેકવિધ બાહ્ય ઓળખો રચાય છે. આ તમામ ભ્રામક આત્મલક્ષીતાના આવિર્ભાવો છે તેમ શ્રી અરવિંદ સમજાવે છે.

ભ્રામક આત્મલક્ષીતાને ખરી આત્મલક્ષીતાથી અલગ પાડવા માટે આપણે એટલું સમજવું તો અનિવાર્ય છે જ કે વ્યક્તિના બાહ્ય સ્વરૂપ સાથે જોડાયેલી તેની આત્મલક્ષીતા વાસ્તવમાં તેના અહમ્ સાથે જોડાયેલી હોય છે, નહીં કે તેના નિજી કે આત્મ-સ્વરૂપ સાથે. વ્યક્તિનું અહમ્ તેની પ્રાણિક, માનસિક કે બૌદ્ધિક જરૂરિયાતોને સંતોષે છે. અહમ્ આધારિત બાહ્ય સ્વરૂપની ખીલવણી એ બન્ને તદ્દન જુદી જ પ્રક્રિયાઓ છે. વ્યક્તિના આત્મ-સ્વરૂપની ખીલવણી એ દૈવી ક્રિયા છે અથવા તો વ્યક્તિના દૈવી સ્વરૂપનો આવિર્ભાવ છે. વ્યક્તિનું આ આત્મ-સ્વરૂપ વૈશ્વિક દિવ્યતાનો અંશ છે. વ્યક્તિના આવા સ્વરૂપનું પૂર્ણપણે ખીલવું એટલે તેના

અસ્તિત્ત્વની સાથે જોડાયેલા આનંદ અને સૌંદર્ય - તત્ત્વોનો આવિષ્કાર એમ શ્રી અરવિંદ સ્પષ્ટ કરે છે.

શ્રી અરવિંદ આગળ ચાલતા સમજાવે છે કે વાસ્તવિક જગતમાં લોકો તેમના બાહ્ય સ્વરૂપ દ્વારા ઓળખતા અને વિવિધ વ્યવહારો કરતા જોવા મળે છે. પરંતુ તેમની આવી ઓળખો અને વ્યવહારો અહમ્ પ્રેરિત ન હોવા જોઈએ. લોકો કશુંક બનવાની ઈચ્છા કરતા સત્તા કે સાધનો માટેની ઈચ્છા કરતા કે કશુંક જાણવા અને પામવાની ઝંખના કરતા જણાય છે. શ્રી અરવિંદ જણાવે છે કે લોકોને આવી ઈચ્છાઓ થવી સ્વાભાવિક છે અને તે વ્યક્તિના જીવન વિકાસના આધારો છે. તેમને દાબી દેવાથી જીવન વિકાસ રૂંધાઈ જશે. પરંતુ લોકોની આવી ઈચ્છાઓ માત્ર અહમ્ પ્રેરિત હશે તો તે તેના જેવી અન્ય લોકોની આવી જ ઈચ્છાઓ સાથે સંઘર્ષમાં આવશે. આથી આવા સંઘર્ષો અંતર્ગત લોકોની હાર-જિતનું ચક્ર ચાલ્યા કરશે. અન્યના ભોગે વિકાસ પામવાનું છેવટના સરવાળે તમામને માટે ભારે હાનિકારક સાબિત થશે. માત્ર એવું જીવન કે જે તેની ખુદની અંદર, પોતાના નિજી અસ્તિત્ત્વમાં જીવવામાં આવતું હશે તેવું જ જીવન સમુદાયી, આનંદદાયી અને સૌંદર્યયુક્ત સાબિત થશે.

શ્રી અરવિંદ આપણને સમજાવે છે કે સુખદાયી, આનંદદાયી અને સૌંદર્યયુક્ત જીવન માટે 'સ્વ'નું જ્ઞાન હોવું જરૂરી છે. જ્યાં સુધી આત્મજ્ઞાન ન મળે ત્યાં સુધી વ્યક્તિ, સમાજ કે રાષ્ટ્ર તેના અહમ્ દ્વારા જ તમામ બાહ્ય વ્યવહારો ચલાવશે. આત્મલક્ષીતાનો ખરો અર્થ આત્મજ્ઞાનની પ્રાપ્તિ અને તે અનુસાર જીવન જીવવાનો છે. ખરી આત્મલક્ષીતા સાથે જીવાતું માનવજીવન દિવ્ય જીવન છે અને માનવજીવનની ઉત્ક્રાંતિ સાથે સંલગ્ન છે એમ શ્રી અરવિંદ સ્પષ્ટ કરે છે.

---

(પૃ.૨૨ ઉપરથી)

## યોગ વિષે પત્રો

૨ ઊર્ધ્વમાંના જગતો જ્યાં અપૂર્ણતા, દુઃખ, મૃત્યુ અને વેદના નથી તે લોકો પણ લાંબેગાળે નાશવંત જ છે તે પણ અજ્ઞાનની જ નિપજ છે.

તેથી નિર્વાણ એ જ એકમાત્ર ગતિ અને રસ્તો બાકી રહે છે. તેમાં એમ મનાય છે કે પ્રભુ વિશ્વથી પર છે, વિશ્વથી અલગ છે, તે શૂન્યરૂપ છે, તેથી તેને પ્રાપ્ત કરવા નેતિ નેતિ માર્ગ સિવાય અન્ય વિકલ્પ જ નથી.

પણ શું પરમાત્મતત્ત્વ જગથી પર જ છે ? જગતમાં અંતર્યામી નથી ? તેને શું પ્રાપ્ત કરવો શક્ય નથી ? તે અવ્યવહારુ ભૂમિકા છે ? આનો જવાબ એ હોય કે પ્રભુ અંતર્યામી પણ છે અને પ્રાપ્ત કરવો શક્ય પણ છે. તો નિર્વાણ સિવાયનો પર્યાય પણ ઉઘાડો જ છે.

# સાવિત્રી

- શ્રી અરવિંદ

**સમજૂતી - માનસિંહ ચાવડા**

Savitri - B-1, C-3, P-32

## અચલં બ્રહ્મ

પ્રકરણ - ૮૫

આ વિજ્ઞાનમય ચેતના એવી હતી જ્યાં અસીમ ચેતના અસીમ ચેતના સાથે જાણે વ્યવહાર કરી રહી હતી. પોતે પોતાની સાથે જાણે રમી રહી હતી. પોતે પોતાને આલિંગન આપી રહી હતી. ત્યાંની દરેક વસ્તુ અસીમ જ હતી. તે અસીમતામાં જ રહેતી હતી. અને તે અસીમતા અખિલ બ્રહ્માંડને સમાવી લે તેથી પણ વિશાળ હતી. શ્રી અરવિંદ જણાવે છે કે

The boundless with the boundless there consorts;
While there one can be wider than the world;
While there one is one's own infinity.

અશ્વપતિ એવી ચેતનાનાં સ્તરમાં પહોંચી ગયો હતો જ્યાં સીમિતતા અને અસીમતા એકબીજામાં ભળી જતાં હોય છે. ત્યાં સાકારતા અને નિરાકારતાનો સંગમ થતો હોય છે. ત્યાં વ્યક્તિ અને નિર્વ્યકિતત્વ એકબીજામાં ભળી જતા હોય છે.

અશ્વપતિ આ ચેતનામાં ઊર્ધ્વારોહણ કરી શક્યો કારણ તેની ચેતના આ ક્ષણે ભૌતિક ચેતનામાં નહોતી, પણ ઊર્ધ્વ ચેતનામાં આરોહણ કરીને ત્યાં વિહરી રહી હતી. પતંગને ઉપરની હવા લાગતા તે જેમ આકાશમાં જ સ્થિર થઈ ઊડતું હોય છે તેમ અશ્વપતિની ચેતના ઊર્ધ્વ અતિમનસ ચેતનામાં જ સ્થિર થઈ ત્યાંના અનુભવો લઈ રહી હતી.

તેની ચેતના એકદમ શાંત હતી, મૌન બની ગઈ હતી. તેવી પ્રશાંતિમાં તે ચેતના બધા અનુભવ લઈ રહી હતી. અશ્વપતિને લાગ્યું જાણે તે મૌન જ તેના સમગ્ર સ્વરૂપમાં વ્યાપી ગયું છે અને તેમાં જોવાની, અનુભવવાની, સમજવાની શક્તિ આવી ગઈ છે. મૌનને શ્રી અરવિંદ seeing silence અર્થાત્ 'અનુભવતી પ્રશાંતિ' કહે છે. ખરેખર તો તે ચેતનાનો દૃષ્ટાભાવ હોય છે અને તે પ્રશાંતિમાં અશ્વપતિ જોઈ રહ્યો છે એ નિર્મળ હીરા જેવી પારદર્શક શ્વેત સર્વવ્યાપી ચેતનાને. નિર્મળ જળમાંથી જેમ આરપાર જોઈ શકીએ તેવી નિર્મળ-ચેતના. તે ચેતનામાંથી જાગતાં સંવેદનો સતત તે નિર્મળ ચેતનાનું દર્શન આંખો સામેથી હઠવા જ દેતું નહોતું. તે બાબતનો એક અખંડ સભાનતાનો પ્રવાહ સતત શાંતિથી વહેતો અનુભવાતો હતો. અને આ બધું પેલી શબ્દવિહીન પ્રશાંતિમાં

અનુભવાતું હતું. શ્રી અરવિંદ પેલી શબ્દવિહીન પ્રશાંતિમાં અનુભવાતી નિર્મળ ચેતનાની સ્મૃતિને "voiceless white epiphany" તરીકે વર્ણવે છે.

epiphany એ બાયબલમાંનો શબ્દ છે. બારમી રાત્રીએ યેશુને મેરી-મેગ્ડાનેલ જે એક વેશ્યા હતી તેણે પોતે યેશુખ્રિસ્તનાં શરણે આવીને પવિત્ર જીવન જીવવાની અભિલાષા પ્રગટ કરી. એ પ્રસંગની યેશુખ્રિસ્તને જે સ્મૃતિ થઈ તે દર્શાવવા આ epiphany શબ્દ વપરાય છે.

જાણે અશ્વપતિને પણ પોતાનું દુન્યવી જીવન ત્યાગી આવી નિર્મળ ચેતનામાં જીવવાની સતત અભિલાષા જાગી રહી હતી. બે પ્રસંગમાંની સામ્યતા દર્શાવવા શ્રી અરવિંદે આ બાયબલના શબ્દનો ખાસ પ્રયોગ કર્યો છે. epiphany એટલે સ્મૃતિ-ચિહ્ન. અશ્વપતિની આંખો સામેથી પેલી નિર્મળ-જળ જેવી અસીમ ચેતનાના પ્રતીકસમુ દર્શન ખસતું નહોતું અને તે ચેતનાનું સતત નિદિધ્યાસન થઈ રહ્યું હતું. સતત અખંડ અભ્યાસ થઈ રહ્યો હતો.

તે નિર્મળ ચેતનાના દર્શનમાં કોઈ આકાર કે રંગ દેખાતો જ નહોતો. તે એક નિરાકાર પારદર્શકતા લાગતી હતી. પણ તે એક ફક્ત દર્શન અથવા દૃશ્ય લાગતું નહોતું. તેમાં જ પોતે અશ્વપતિએ પોતાનું જીવન ધારણ કરેલ છે એમ તેને લાગતું હતું. તે પોતાની જ જીવંત ચેતના છે એમ તેને લાગતું હતું. પોતાની ચેતના જ નિરાકાર, નિર્મળ, પારદર્શક અને અસીમ બની ગઈ છે એવું તેને લાગતું હતું. તે દુન્યવી જીવન જેમાં વિચારો ભાવનાઓના સતત ઉછાળા આવે છે તેવા પ્રકારનું નહોતું, પણ ઉચ્ચ પ્રકારનું હતું. શ્રી અરવિંદ જણાવે છે કે

His centre was no more in earthly mind,
A power of seeing silence filled his limbs:
Caught by a voiceless white epiphany
Into a vision that surpasses forms,
Into a living that surpasses life.

અશ્વપતિ સાકાર જગતને પાછળ મૂકીને હવે નિરાકાર ચેતનાનાં પ્રદેશમાં પ્રવેશી રહ્યો હતો.

હવે તે તદ્દન નિસ્તબ્ધ પ્રશાંત ચેતનાના વિસ્તારમાં પગ મૂકી રહ્યો હતો. તે ચેતના બધી જ ચેતનાનો આધાર હતી. તેણે જ સમગ્ર સાકાર જગત અને તેના સૂક્ષ્મ સ્તરોને ટકાવી રાખેલ હતાં. અહીં ભાષા જેની દ્વારા મગજ કામ કરતું હતું, તે પણ શાંત થઈ ગયું હતું. મન જે સતત વિચારોના તાંતણા કાંતતુ હતું, તે પણ નિરવ બની ગયું હતું. પ્રાણ જે સતત ભાવનાઓનો ઉભરો ઠાલવતો હતો તે પણ સ્થિર, શાંત અને એકાગ્ર બની ગયો હતો. બધું જ, અશ્વપતિનું સમગ્ર સ્વરૂપ જ, એકાગ્રતામાં સ્થિર થઈ ગયું હતું. પણ એનો

અર્થ એવો નથી કે ત્યાં નરી મૂઢતા વ્યાપી ગઈ હતી. ત્યાં પ્રકાશમય ચેતના હતી. એક આંતરિક-ઉજાશ હતો. તે નિઃશબ્દ જ્ઞાનનો હતો. કેવળજ્ઞાનનો હતો. તેનો વિષય પણ કેવળ એક અસીમ નિરાકાર ચેતના હતી અને તેનું સાધન પણ હતું કેવળ શુદ્ધ સભાનતા. ઈન્દ્રિયાતીત સભાનતા. આમ બન્ને રૂપે તે કેવળજ્ઞાન હતું. શ્રી અરવિંદ તેને "silent knowledge in the soul" તરીકે વર્ણવે છે તે અસીમ આત્માની સભાનતા સ્વરૂપ હતું. જે શક્તિ કે બળ સતત પોતાની સક્રિયતામાં જ પોતાનાં બળને પ્રગટ કરી શકે છે તે શક્તિ કે બળ પણ પૂર્ણ વિશ્રાંતિમાં - અચલતામાં સ્થિર થયેલ હતું. એક પ્રશાંતિમાં લીન હતું. તે શક્તિની અમર્યાદ ક્ષમતા અનુભવાતી હતી. તે શક્તિ સર્વ શક્તિમાન હતી. Omnipotent હતી અને પ્રશાંતિમાં સ્થિર હતી.

અહીં જ્ઞાન અને શક્તિ બન્ને એકરૂપ થઈ ગયાં હતાં. કારણ તેમને વિભાજીત કરનારી સીમારેખા જ નહોતી. એક જ સત્યનાં તે બે અભિન્ન પાસા લાગતાં હતાં. તે પરમ-સત્ય હતું. શ્રી અરવિંદ લખે છે કે

He neared the still consciousness sustaining all.
The voice that only by speech can move the mind.
Became a silent knowledge in the soul;
The strength that only in action feels its truth.
Was lodged now in a mute omnipotent peace.

આ અશ્વપતિને આવેલી 'અચલં બ્રહ્મ'ની અનુભૂતિ હતી. બ્રહ્મ નિર્વાણની અનુભૂતિ હતી.

---

(પૃ.૩૫ ઉપરથી)

## સુંદર કથાઓ

માટે ગીધો પાસેથી ચોરી કરાવે છે?

''મહારાજ, મેં ગીધોને તેવું કરવા કહ્યું નથી. તેઓ પોતે જ નાસમઝીથી કરે છે. તેમને મારા ઉપકારનો બદલો વાળવો છે પણ વિવેકબુદ્ધિ ન હોવાથી આવું કરે છે. મહારાજ, બધાં કપડાં સલામત છે. આપ તે લઈને જેનાં છે તેને પરત કરો, મારી પણ તે જ ઈચ્છા છે.''

મહારાજ ખુશ થયા. પોતાના પ્રજાજનો પ્રામાણિક હોય તે કયા રાજાને ન ગમે?

''વેપારી, તારી પ્રામાણિકતા અને વિવેકબુદ્ધિની હું કદર કરું છું. આજથી તું અમારો નગરશેઠ ગણાશે.''

વિવેકબુદ્ધિ વગરનું જીવન અને સુકાની વગરની હોડી નાશ પામે છે.

વિવેકબુદ્ધિ જીવનનું સુકાન છે, તેને વિકસાવવી બહુ જરૂરી છે.

# યોગ વિષે પત્રો

- શ્રી અરવિંદ

## સ્વરૂપની ભૂમિકાઓ - પ્રકરણ -૫

## અવતરણો

(ભાગ૧, પૃ. ૨૭૪ - ૨૭૭)

## નિર્વાણ : એક મધ્યાવસ્થા

૧ નિર્વાણની કોઈ ભૂમિકા અથવા જગત તરીકે વર્ણન આપી શકાય નહિ. પૃ.૨૭૪

૨ પોતાની હાલની ચેતનામાંથી ઊર્ધ્વ ચેતનામાં જઈને મનોમય પુરુષનું રૂપાંતર સાધી શકાય છે. પૃ.૨૭૪

૩ ઊર્ધ્વત્તર ચેતનાના કાર્યને શક્ય બનાવવા માટે સામાન્ય રીતે મનની શાંતિ, ચેતનાની મુક્તિ, મનનાં... માન્યતાના મૂલ્યોમાંથી પાછા હઠી જવાની ક્રિયા એટલું પૂરતું છે. પૃ.૨૭૫

૪ (વિશ્વમય ચેતના) તેનામાં બે મુખ્ય બાજુઓ છે. એક મુક્ત, અનંત, શાંત, નિષ્ક્રિય એવો આત્મા જે સર્વમાં એકરૂપ અને સર્વથી પર છે તેની અનુભૂતિ; બીજી બાજુએ વિશ્વરૂપ શક્તિઓ અને તેનાં બળો કાર્યો અને રચનાઓની અનુભૂતિ. પૃ.૨૭૫

૫ મુક્ત થએલો આત્મા આ (વિશ્વરૂપ લીલાની) અપૂર્ણતાઓ અને મુશ્કેલીઓથી અસ્પર્શ્ય અને અચલ રહીને તે લીલાને માન્ય રાખી શકે. પૃ.૨૭૫

૬ પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે વિશ્વરૂપ અસ્તિત્ત્વની આનાથી પણ વધારે ઉચ્ચત્તર ભૂમિકાઓમાં જવાનું છે અથવા તો તે ભૂમિકાઓનું પોતાની ચેતનામાં અવતરણ કરાવવાનું રહે છે. પૃ.૨૭૬

૭ ધર્મોએ જેને સ્વર્ગો તરીકે કહેલાં છે... એક વધારે મહાન, જ્યોતિર્મય આનંદમય.... પ્રદેશોનાં પ્રતીકો તરીકે સૂચવેલા છે. પૃ.૨૭૬

૮ ઊર્ધ્વ ચેતનાને પ્રાપ્ત કરે અને અધિમનસ પ્રાપ્ત કરીને..... તેમ છતાં આ જગત મૂળભૂત રીતે જેવું છે તેવું જ રહે.... પૃ.૨૭૬

૯ વિશ્વરૂપ ચેતના પૂરતી નથી અને તેનામાંથી બહાર નીકળવાનું વલણ મજબૂત રહે છે.... જો અધિમનસના સોનેરી ઢાંકણને ખોલી નાખવામાં આવે. પૃ.૨૭૭-૨૭૮

## સમજૂતી - માનસિંહ ચાવડા

નિર્વાણ એ કોઈ સૂક્ષ્મ જગત નથી પણ ચેતનાની એક અવસ્થા માત્ર છે. તેમાં જગતના જીવનમાંથી પાછા હઠી જવાય છે. જગતમાં બધા જ પ્રકારનાં મૂલ્યો ત્યાં શૂન્યવત્ બની જાય છે. જગત જેને અસ્તિત્ત્વનું લક્ષણ ગણાવે છે તે તેમાં ન હોવાથી તે

શમી ગયાં છે; શાંત થઈ ગયાં છે; એવું લાગે છે, તેથી જ તેને 'નિર્વાણ' કહે છે. તે ચેતના નિરાકાર અને અસીમ તત્ત્વ તરીકે અનુભવાતી હોવાથી તેને 'શૂન્ય' કહે છે. ગીતા આ જ અવસ્થાને 'અક્ષરપુરુષ' કહે છે. સાંખ્ય આને પ્રકૃતિની સામ્યાવસ્થા, લયાવસ્થા ગણે છે. વેદાંત આને 'મોક્ષ' અથવા છુટકારો ગણે છે.

આ નિવૃત્તિમાર્ગની સાધના છે પણ આ જ કાંઈ એકમાત્ર સાધનાનો માર્ગ નથી. જગતમાંથી હઠીને આત્માના નિષ્ક્રિય પાસા સાથે એકરૂપ થવાનો આ માર્ગ છે પણ આત્મા જ જગત સ્વરૂપ પણ બનેલો છે અને તે તેનું સક્રિય પાસુ છે. તેની સાથે એકરૂપ થઈને પણ આપણે આત્માનો સાક્ષાત્કાર કરી શકીએ છીએ. વૈદિક ઋષિઓએ આ સાધનાનો માર્ગ પણ કંડારી રાખ્યો છે. જ્ઞાનમાર્ગ નિષ્ક્રિય પાસા મારફત આત્મ સાક્ષાત્કાર કરવા આગળ વધે છે. કર્મયોગ સક્રિય પાસા મારફત આગળ વધે છે.

આ સિવાય ત્રીજો પણ માર્ગ છે તેમાં નિષ્ક્રિય પાસાનો સાક્ષાત્કાર કરીને આત્મતત્ત્વની શક્તિઓ સાથે ફરી જગતમાં પ્રવેશીને તે નિર્વાણની સ્થિતિમાં રહીને પોતાના સક્રિય પાસાને પ્રભુથી સંચાલિત બની નિમિત્ત બનવાનો માર્ગ. ગીતા આને 'યોગનિષ્ઠા' કહે છે. આને કારણે આત્મતત્ત્વના સક્રિય અને નિષ્ક્રિય બન્ને પાસાનો સુસંવાદમય સ્થિતિમાં સાક્ષાત્કાર થાય છે. શ્રી અરવિંદ આને પૂર્ણયોગ કહે છે. ગીતા આને પુરુષોત્તમનો યોગ તરીકે જણાવે છે.

ફક્ત નિષ્ક્રિય-પાસાના સાક્ષાત્કારમાં ભૌતિક જગતની નક્કરતા અનુભવાતી નથી. બધું સ્વપ્નની દુનિયા જેવું વૈશ્વિક ચેતનાનો કલ્પનાવિલાસ લાગે છે. આવી જે અવસ્થા રચાય છે તેમાં મન, પ્રાણ, શરીર અને ઈન્દ્રિયો પણ શાંત, સ્થિર, સ્તબ્ધ બની જાય છે. કોઈ અનામી નિરાકાર તત્ત્વમાં તરતી કલ્પનાની માનસ-પ્રતિમાઓ જેવું બધું પોલું, વ્યર્થ, સત્ત્વ વગરનું લાગે છે. તેમાં એક નિરપેક્ષ સ્વસ્થતા, પ્રગાઢ શાંતિ અને જીવનની નિરર્થકતા, મહત્ત્વહીનતા જ અનુભવાય છે. કોઈ અનામી તત્ત્વની નિરર્થક ક્ષણિક ચેષ્ટારૂપ લાગે છે.

પણ આ અવસ્થા અંતિમ નથી, પણ ઊર્ધ્વતર ચેતનાને નીચે અવતરણ કરાવવાની અને તેને જગતના રૂપાંતરમાં પ્રયોજવાની એક પ્રાથમિક આવશ્યકતા રૂપ છે, માધ્યમ રૂપ છે.

જ્યારે માનવનાં મન, પ્રાણ અને પાર્થિવ ચેતના પોતાની વ્યક્તિગત મર્યાદાઓ ભૂંસીને વૈશ્વિક મન, પ્રાણ, પાર્થિવ તત્ત્વ સાથે એકરૂપ થઈને વૈશ્વિકતા પ્રાપ્ત કરે છે ત્યારે તેને અનુભવ આવે છે કે પોતાનું સમગ્ર સ્વરૂપ વિશ્વમાં પ્રસરેલું છે. તે પોતે બધાને ધારણ કરી રાખે છે તેમાંની 'પોતે બધાને ધારણ કરી રાખે છે' એ અનુભૂતિ એક મુક્ત, અનંત, શાંત, નિષ્ક્રિય વૈશ્વિક આત્માની હોય છે. જ્યારે તેમાં દેખાતી ક્રિયાઓ એ

વૈશ્વિક બળો, કાર્યો અને રચનાની અનુભૂતિ હોય છે. આ બન્ને અનુભૂતિ કાયમ સાથે સાથે જ આવે છે તેમ પણ નથી, ફક્ત એકલી પણ આવી શકે છે. વળી આ વિશ્વમયતા ફક્ત મનનાં ક્ષેત્રમાં, ફક્ત પ્રાણનાં ક્ષેત્રમાં કે ફક્ત પાર્થિવ ક્ષેત્ર પૂરતી મર્યાદિત પણ હોઈ શકે છે. સાધકની ચેતના આ વૈશ્વિક લીલાને પોતે અચલ રહીને માન્ય રાખે છે અથવા વિશિષ્ટ કાર્ય કરી કોઈને મદદરૂપ થાય છે અથવા પરમાત્માનું કરણ બનીને કાર્ય કરે છે પણ તેને આવી ચેતનાની સ્થિતિ એક એક વચગાળાની જોગવાઈ રૂપ લાગે અને તેથી આત્માના પૂર્ણ પ્રકાશ, શક્તિ અને આનંદને પ્રાપ્ત ન પણ કરી શકે.

વાસ્તવિકતા એ છે કે વિશ્વરૂપ અસ્તિત્ત્વનું આ નીચેનું શરૂઆતનું સ્તર હોય છે. ઊર્ધ્વમાં વિશ્વરૂપ અસ્તિત્વના સ્તર છે. જો આ નિમ્નસ્તરે જ સાધક અટવાઈ જાય તો તે નિર્વાણના માર્ગે આગળ ધકેલાય છે, પણ વૈશ્વિક અસ્તિત્વનાં ઊર્ધ્વ સ્તરોમાં જવાનો પણ માર્ગ છે. ધર્મો તેને દિવ્ય-લોક, સ્વર્ગો અથવા મહાન જ્યોતિર્મય પ્રદેશો (વૈકુંઠ) તરીકે વર્ણવે છે. આ સ્તરો અધિમનસનાં હોય છે. જો આ સૂક્ષ્મ જગતો પણ ભૌતિક સ્તરે અવતરણ પામી શકતા હોય અને દુ:ખનિવારણ કરતા હોય તો પછી નિર્વાણનો માર્ગ નિરર્થક ન ગણાય?

આવી અધિમનસની અનુભૂતિમાં પરમામા સાથે ઐક્ય જરૂર અનુભવાય છે, તેની ચેતના એક વિશાળ, તેજોમય, મુક્ત ચેતના તરીકે પણ અનુભવાય છે પણ તેમાં જગતના રૂપાંતર કરવાની ક્ષમતા હોતી નથી. તે અધિમનસ ચેતના અને જગતની ચેતના વચ્ચે એક કાયમી ખાઈ અનુભવે છે. આંતરિક રીતે તે પરમ-ચેતનાને સ્પર્શે છે. પણ બાહ્ય વાસ્તવિકતામાં તેની અનુભૂતિ યશસ્વી થતી નથી. જગતને બદલી શકતી નથી.

આ કાર્ય કરવાની ક્ષમતા ફક્ત અતિમનસ-શક્તિમાં જ છે.

તેથી વિશ્વમાંથી મુક્તિ મેળવવાનાં તેની પાસે બે માર્ગ ખુલ્લા રહે છે.

૧ નિર્વાણની નકારાત્મક ભૂમિકામાં આગળ વધીને આત્માને શાંત કરી દેવો. તે ગૌતમબુદ્ધની જેમ કરુણાભાવથી જગતમાં દુ:ખોમાંથી મુક્ત કરવાનો જાણે અહર્નિશ બચાવકાર્ય કરતો હોય છે, તે જગતને અપરિવર્તનીય જ ગણે છે.

બીજો માર્ગ છે અધિમનસની તેજોમય ચેતના અને સૃષ્ટિઓને વટાવી ઊર્ધ્વમાંનાં વૈશ્વિક અસ્તિત્વમાં પ્રવેશવું. આ માર્ગ ઈશોપનિષદે લીધો છે. તે સત્યની પ્રાપ્તિ માટે અધિમનસનું સુવર્ણમય ઢાંકણ ખોલવાનો પ્રયત્ન જણાવે છે.

નિર્વાણની પરિકલ્પના પાછળ બે માન્યતાઓ પાયારૂપ છે.

૧ જગત અપૂર્ણ, દુ:ખરૂપ, મૃત્યુ અને વેદનાગ્રસ્ત જ છે અને તે તેનો કાયમી સ્વભાવ છે.

(પૃ.૧૬ ઉપર)

# ભારતીય સંસ્કૃતિના પાયા

- શ્રી અરવિંદ

**અવતરણો**
(પૃ.૨૩૧ - ૨૪૭)

૧ અંતરાત્માને પાર્થિવ દેહની સઘળી શક્ય મદદની જરૂર પડે છે, જેથી ચક્ષુ દ્વારા પોતે પોતાનું વિવરણ કરી શકે - પૃ.૨૩૧

૨ ભારતીય મનની દૃષ્ટિએ અંતરાત્માના સર્જન સિવાય રૂપની હયાતી નથી. પૃ.૨૩૧

૩ બહારની વિગતોથી શરૂ કરીને તેમનો સમન્વય કરવો, એ મને ભારતીય કળાકૃતિને જોવાની તદ્દન ખોટી રીત લાગે છે. પૃ.૨૩૨

૪ આ પ્રતીકને જે શક્તિ અનુપ્રાણિત કરે છે તેના પ્રમાણમાં તે અનંતની અભિવ્યક્તિના કોઈ પાસાને ટેકવે છે. પૃ.૨૩૨

૫ આ પવિત્ર સ્થળો એક પ્રાચીન આધ્યાત્મિક અને ધાર્મિક સંસ્કૃતિની સ્થાપત્યલક્ષી આત્મ-અભિવ્યક્તિ છે. પૃ.૨૩૪

૬ ભારતીય સ્થાપત્યકળામાં એકત્ત્વ નથી. (૨૩૫)..... ખાલી જગ્યાઓનો અભાવ (૨૩૬) ટેઢાં અર્ધ... માનવકૃતિનાં વાકાંચૂકાં જટિલ અંગો..... અર્થ વગરનાં છે..... (૨૩૬) એક રાક્ષસી ઢબની બર્બરતાના વિશિષ્ટ નમૂના તરીકે વર્ણવે છે. ટીકાઓ (૨૩૬)

૭ યુરોપીય દૃષ્ટિને માટે આ પ્રકારના સ્થાપત્યના એકત્વને તરત જોવાની નિષ્ફળતા..... સ્વાભાવિક છે. પૃ.૨૩૭

૮ ભારતનું સ્થાપત્ય..... અનંતનું બૃહત્તમ એકત્વ.... અનંતવૈવિધ્ય અને જગતોના પુનરાવર્તનને રજૂ કરે છે. પૃ.૨૪૦

૧૦ ભારતીય સૌંદર્યલક્ષી માનસ માત્ર પૃથ્વીની ભૂમિકાઓ ઉપરાંત ચૈતસિક લોકોની સાથે પણ વ્યવહાર કરે છે. પૃ.૨૪૪

**સમજૂતી - માનસિંહ ચાવડા**

## ભારતીય સ્થાપત્ય

પ્રકરણ - ૮

સ્થાપત્ય, શિલ્પ અને ચિત્રકળા ત્રણે માનવના અંતકરણને આંખો દ્વારા જ સ્પર્શે છે, પણ તેમાં ફક્ત ઈન્દ્રિયગમ્ય સત્યો અને પ્રેરણાઓ જ રહેલાં નથી પણ ઈન્દ્રિયાતીત સત્યો અને પ્રેરણાઓનાં પણ તે વાહક છે.

ભારતીય અને યુરોપીયન કલામાં મૂળ દૃષ્ટિભેદ છે. યુરોપીયન કલામાં અંતરાત્માની અભિવ્યક્તિ માટે ભૌતિક રૂપની સહાય લેવી પડે છે. તે સહાય વગર તે અભિવ્યક્તિને સત્યતા જ પ્રાપ્ત થતી નથી. સત્યતા આપવી તે ભૌતિક વાસ્તવિકતા

ઉપર જ નિર્ભર છે. જ્યારે ભારતીય કલામાં અંતરાત્માની અભિવ્યક્તિને જ મહત્ત્વ છે. તે ભૌતિક રૂપ દ્વારા અધૂરી પ્રગટ થાય તો તે પેલા ભૌતિક રૂપની ખામી છે. અંતરાત્માની અભિવ્યક્તિની નહીં, અંતરાત્મા જ સત્ય છે. તે જ ભૌતિક રૂપને સત્યતા અર્પે છે.

આ મૂળભૂત ભેદને કારણે કલાના રસગ્રહણની પદ્ધતિમાં પણ મોટો તફાવત પડી જાય છે. યુરોપીયન નિરીક્ષક કે પરીક્ષક પહેલા કલાની એક એક અંગની ભૌતિક ટેકનિક જોય છે. તેની રંગો અને આકૃતિનો અભિવ્યક્તિનો તરીકો જોય છે. પછી તેને કારણે અંતકરણમાં ઊઠતા ભાવોને અનુભવે છે. ભારતીય રસગ્રહણ પદ્ધતિમાં કલાને સમગ્ર રીતે જોય છે. જેને 'ધ્યાન' કહે છે, તેને કારણે ઊઠતાં આધ્યાત્મિક અને ધાર્મિક ભાવોને તે માણે છે. અહીં તરીકાને આંતરિક ભાવોનું વાહક ગણવામાં આવે છે. તરીકાનું ગૌણ મહત્ત્વ છે. ભારતીય કલા અનંત-અસીમ આત્માની અભિવ્યક્તિની જ ઝંખના સેવે છે. જ્યારે યુરોપીયન કલામાં કલાકારના એક નાનકડા આત્માનો નાનકડો અંશ પ્રગટ થાય છે એમ માને છે. કારણ તેઓ અનંત અસીમ આત્મામાં માનતા નથી.

તેથી ભારતીય કલાનું રસગ્રહણ અનંત-અસીમ-આત્મભાવમાં સ્થિર થયા સિવાય પૂરેપુરું થવું શક્ય જ નથી.

ભારતીય સ્થાપત્ય બાબતમાં આ રહસ્ય વધારે ધ્યાનમાં રાખવાની જરૂર છે. કારણ મંદિર, ધ્યાનખંડો, સ્તૂપો, આ ખરેખર ભારતીય સંસ્કૃતિના જીવનનાં ધમધમતા કેન્દ્રો સમા બની ગયાં હતાં. આજે પણ તેમના અભ્યાસથી આપણને તે મહાન સંસ્કૃતિનો સાક્ષાત્કાર થઈ શકે છે. આ સ્થાપત્યો દ્વારા પ્રગટ થતો ધાર્મિક ભાવ યુરોપીયન ધર્મો કરતાં તદ્દન જુદા પ્રકારનો લાગે છે. ભારતીય મંદિર એ યોગીનાં હૃદયમાં પ્રગટેલી પરમ-તત્ત્વ પ્રત્યેની ભક્તિ અને અભીપ્સાનું જ પ્રતીક ગણવામાં આવે છે. કારણ મંદિરનો ઘુમ્મટ એ યોગીનું મસ્તક છે. મંદિરનો ઘુમ્મટ નીચેનો વિસ્તરેલો ભાગ બે ખભા છે. મંદિરનું ગર્ભગૃહ યોગીનું અંતકરણ છે અને તેમાં બેઠેલી મૂર્તિ પ્રત્યક્ષ પરમાત્મ તત્ત્વ છે. માનવ દેહના મસ્તક ખભા અને છાતીનાં બાહ્ય રેખાંકનો મંદિર સાથે મળતાં આવતાં હોય છે. મંદિરમાં જે પરમતત્ત્વની સઘન હાજરી અનુભવાય છે તે જ મહત્ત્વની છે. આ સમજાઈ જાય તો યુરોપીયન ટીકાકારોની નીચેની ટીકાના જવાબ પોતાની મેળે મળી જશે:

૧ ભારતીય કળામાં વિગતો અને કલાકૃતિઓ ભરચક હોય છે, પણ તેમાં એકતા દેખાતી નથી. એક કલાકૃતિમાંનાં વિવિધ નકશીકામો બધા તાળમેળ વગરનાં અસંબદ્ધ લાગે છે. માનવ શરીરની વિવિધ મુદ્રાઓની ભંગિમામાંથી કોઈ અર્થ જ નીકળતો નથી. ફક્ત વિવિધતાની જાણે ગુજરી બજાર લાગે છે. રાક્ષસો, દાનવો-યક્ષો, અપ્સરાઓ, રાજકન્યાઓ, ચાકરોની મૂર્તિઓ એક શંભુમેળા જેવું લાગે છે. જ્યારે કલામાં

એકતાસંવાદિતા એ જ મહત્ત્વનું છે.

આ ટીકાનો જવાબ નીચે મુજબનો છે :

૧ ભારતીય દર્શનમાં જગતમાંની અનંત વિવિધતા એ એક જ આત્માની અભિવ્યક્તિ છે. આવા અભિવ્યક્તિના અનેક સ્તરો હોય છે. મનોમય, પ્રાણમય, પાર્થિવ વગેરે. દરેક કક્ષાની અભિવ્યક્તિની પોતાની ખાસિયત હોય છે. આ ગહન તત્ત્વ ન સમજાય તો વિવિધતા એક શંભુમેળો બની જાય છે. દેવો, દૈત્યો, દાનવો, યક્ષો અપ્સરા, રાજકુમારીઓ આ વિવિધ ચેતના ધરાવતા જીવો છે, જેમની સૌંદર્યની અંતિમ પરિણામ તૃપ્તિ છે. માનવ શરીરનાં વિવિધ અંગોમાં આ તૃપ્તિ કેવી રીતે શારીરિક રીતે અભિવ્યક્ત થાય છે તે દર્શાવવા જ માનવદેહની મરોડદાર દેહભંગિમાઓ દર્શાવવામાં આવે છે. તમે તે મૂર્તિના આંખોના ભાવ જોશો તો આ ખ્યાલ તત્કાળ આવી જશે. ભારતીય સૌંદર્ય-શાસ્ત્રમાં દરેક માનવ અંગનાં સૌંદર્યનું ખાસ લક્ષણ જણાવેલ હોય છે, દા.ત. સિંહ કટી, વૃષભ-સ્કંદ, મીનાક્ષી, હરિણાક્ષી, નયન કમળ, ચંપાકલી નાસિકા, ચરણ-કમળ, દાડીમકલી દંત, ગંભીરનાભિ, કુંભ-સ્તન, ચંદ્રમુખી વગેરે. સ્ત્રી સૌંદર્યના પણ પદ્મિનિ, હસ્તિની વગેરે પ્રકાર ગણાવ્યા છે. ચાલનાં પણ મદાલસા, હરિણી, એવા પ્રકારોનાં વર્ણનો છે.

મંદિર દ્વારા વ્યક્ત થતી આધ્યાત્મિક અનુભૂતિને પ્રકૃતિ સૌંદર્યની પણ મદદ મળે માટે નિરભ્ર આકાશ, ઉત્તુંગતાની પર્વત ટોચ, નીચે તળેટીમાં હરીત-સૌંદર્ય, શુદ્ધ વાતાવરણ, ખુલ્લાપણું વગેરે સમગ્રતામાં તેને જોવાથી મંદિરની મૂર્તિ દ્વારા વ્યક્ત થતી વિરાટની હાજરીને વધારે પ્રત્યક્ષ રીતે અનુભવી શકાય છે.

મંદિર સુધી પહોંચતી ઊર્ધ્વમાં જતી કેડી જાણે સાધના માર્ગમાં થતાં ચેતનાના આરોહણને દર્શાવતું ન હોય એવું લાગે છે. ભારતીય કલાએ પથ્થરોને ગાતાં કરી મુક્યાં છે. (ગીત ગાયા પથ્થરોને) સ્થાપત્ય ફક્ત ભૌતિક નહિ પણ પ્રાણમય, મનોમય, ચૈતસિક અને અંતે આત્માના સૌંદર્યને પણ પ્રગટ કરવા મથતું હોય છે એ ખાસ ધ્યાનમાં રાખવાની જરૂર છે. તેમાં માનવ નહીં પણ માનવેતર યોનિઓનો પણ સમાવેશ કરવામાં આવે છે.

૨ આર્ચર સિવાયના અન્ય ટીકાકારો પૈકી દ્રવિડ શૈલીનાં મંદિરો બાબત મિ. ગેડીસે (Geddes) જે ટીકા કરી છે તે પણ જોઈ જવી જરૂરી છે. તેઓ જણાવે છે કે દ્રવિડ શૈલીનાં મંદિરોમાંનું બંધિયાર વાતાવરણ ભીતિ અને અવસાદનો ભાવ જ વધારે નિર્માણ કરે છે, સૌંદર્યનો નહીં.

આનો જવાબ એ છે કે અધ્યાત્મમાં સાધનાની શરૂઆત વૈરાગ્યથી થાય છે, જેમાં

(પૃ.૨૮ ઉપર)

# અતિમનસ

- શ્રી અરવિંદ : શ્રી માતાજી

**અવતરણો** - (પૃ.૧૦૪-૧૧૧)

૧ આ બાળકોના મજગમાં કંઈક એવું છે કે જેને એમની નાનકડી બાબતો સિવાય બીજા કશામાં રસ જ નથી. પૃ.૧૦૪

૨ મને કોઈ ભોંયરાની અંદર નીચે ખેંચી જતું હોય એમ થવા લાગ્યું. પૃ.૧૦૪

૩ આ ચિરાડને જાણે કોઈ તળિયું જ ન હતું. પૃ.૧૦૫

૪ શરીર પણ આ અનુભૂતિની અંદર..... પાછળ પાછળ ખેંચાઈ જતું હતું. પૃ.૧૦૫

૫ તળિયે મારા પગ પહોંચી ગયા અને ત્યાં આવી રહેલી એક કમાન સાથે અફળાયા. પૃ.૧૦૬

૬ હું એકદમ બહાર ફેંકાઈ ગઈ અને નિઃસીમ, નિરાકાર વિરાટતામાં પહોંચી ગઈ.પૃ.૧૦૬

૭ એ વિરાટતા જાણે કે અદૃશ્ય એવાં અગણિત બિંદુઓની બનેલી હતી.પૃ.૧૦૭

૮ એમાં એક તીવ્રતા હતી, બલ, શક્તિ, શાંતિ હતી. પૃ.૧૦૭

૯ એ વિરાટમાં એક એક નવા જગતનાં બીજ રણઝણતાં હતાં. પૃ.૧૦૮

૧૦ તેમાંથી (અનુભૂતિમાંથી) મન અચેતનમાં જે રીતે કામ કરે છે તેનું એક ઘણું આબેહૂબ ચિત્ર મળી રહે છે. પૃ.૧૦૯

સમજૂતી - માનસિંહ ચાવડા

## અતિમાનસ સૃષ્ટિનો પાયો : શારીરિક કોષો

પ્રકરણ - ૭

૫-નવે.-૧૯૫૮ના સાંજનો પ્રસંગ છે. માતાજી સાંજના વર્ગો લઈ રહ્યાં હતાં. માતાજીએ બાળકોને એક પુસ્તક વાંચી તેના ઉપર સવાલો તૈયાર કરી લાવવાનું અઠવાડિયા પહેલા જણાવેલું પણ બાળકોએ તેવું કાંઈ કર્યું નહિં. તેથી માતાજીને પ્રશ્ન થયો. આ બાળકોના મગજમાં એવું શું છે જે તેમને રોજિંદી નજીવી વાતો સિવાય અન્યમાં રસ લેવા જ દેતું નથી. વર્ગના અંતે ધ્યાન શરૂ થતાં જ માતાજીને તેના જવાબરૂપે નીચેની અનુભૂતિ આવી.

માતાજીની ચેતના પેલા બાળકોના માનસિક વાતાવરણની અંદર પ્રવેશવા લાગી. ત્યાં તેમની ચેતના એક ભોંયરામાં ખેંચાવા લાગી. તે ભોંયરું બે સીધા ખડકોની વચ્ચેની નાની ફાંટ જેવું હતું. કાળમીંઢ પથ્થર હતાં. તેને તીક્ષ્ણ ધારો હતી. માતાજીનું શરીર નીચે ઉતરતી વખતે થોડુંક અડી જાય તો પણ ચીરાતું હતું. નીચે ચિરાડ વધુ ને વધુ સાંકડી થવા લાગી.

માતાજીની ચેતનાને નીચે ઉતરવું પણ અઘરું થવા લાગ્યું. તળિયું દેખાતું જ નહોતું. ત્યાં ઘન-અંધકાર હતો. ત્યાં હવા પ્રકાશ કાંઈ નહોતું. થોડોક નામ માત્ર ઉજાશ હતો, જેથી થોડુંક દેખાય. ઉજાશ ક્યાંથી આવતો હતો તે માતાજી સમજી ન શક્યાં. માતાજીને ગુંગળામણ થવા લાગી. કારણ તિરાડ વધુ સાંકડી બની. પથ્થરોની ધારો વધુ તીક્ષ્ણ બની.

માતાજીનું માથું નીચે ને નીચે નમી પડવા લાગ્યું. તેમની શારીરિક ચેતના તે માટે ચિંતા કરવા લાગી કે આમ ને આમ રહેશે તો મસ્તક ખોળામાં ટેકાઈ જશે.

ત્યાં માતાજીના પગ પેલા ભોંયરામાં નીચે ભટકાણાં. તે એક કમાન હતી, પણ માતાજીને દેખાઈ નહિં. કમાનને કારણે માતાજી પ્રચંડ વેગથી પાછા ફંગોળાયાં. ભોંયરામાંથી બહાર નીકળી આકાશમાં ઉડ્યા અને એક અસીમ - ચેતના પ્રદેશમાં પહોંચી ગયા, ત્યાં હૂંફ અને આરામ હતો. તે સોનેરી રંગનું આકાશ હતું. એક અચલતા ત્યાં હતી. શક્તિ અને શાંતિ પણ. અવ્યક્ત સ્વરૂપે. પણ તે અવ્યક્ત વસ્તુ જાણે વ્યક્ત થવા તત્પર થઈ હતી.

એ અનુભૂતિ વખતે જ માતાજીનું શરીર ફરી ટટાર થવા લાગ્યું.

આ અનુભૂતિનો ગૂઢાર્થ નીચે મુજબનો છે :

૧ બાળકોને રસ નહોતો પડતો, કારણ તેમના મનમાં અચેતનને લીધે ખડક જેવી અસંવેદનશીલતા આવી ગઈ હતી. તે ફક્ત બાળકોની જ નહિ પણ માનવમાત્રની સ્થિતિ તેવી જ છે.

૨ બે ખડક એટલે વિકૃત બનેલાં મનોમય અને પ્રાણમય તત્ત્વો.

૩ તેમની ધારો એટલે મન, પ્રાણમાંના પૂર્વગ્રહો, દુરાગ્રહો, ગ્રંથીઓ.

૪ તીરાડ એટલે અચેતનમાં પ્રવેશવાનો માર્ગ.

૫ કાળમીંઢ રંગ એ અચેતનતા દર્શાવે છે.

૬ થોડોક પ્રકાશ એટલે અચેતનમાં રહેલી ચેતના.

૭ કમાન એટલે આધારમાં રહેલ અતિમનસ તત્ત્વ.

૮ તે આધારમાંનું અતિમનસ સક્રિય બને તો જ સાધના આગળ વધે છે. તેના પ્રતીક તરીકે કમાને આપેલો ધક્કો હતો.

૯ માતાજીનું અવકાશમાં ઉડવું એટલે ચેતનાનું આરોહણ.

૧૦ અસીમ નિષ્ક્રિય અવકાશ એટલે નિષ્ક્રિય અતિમનસ તત્ત્વ.

૧૧ રણઝણતા સુવર્ણમય પ્રકાશનાં કણો એટલે અતિમનસ પ્રકાશથી પ્રકાશિત શારીરિક કોષો.

૧૨ સારાંશ શારીરિક કોષોમાંનો વિજ્ઞાનમય કોષ સક્રિય બને તો જ અતિમનસમાં જીવન સ્થિર થાય. અન્યથા નહિ.

૧૩ મનસ્તત્ત્વ જ અવચેતન અને અચેતનને જડ અને કઠોર બનાવે છે. આ મન એટલે ભૌતિક-મન અથવા શારીરિક મન. તે જો વિકારી સામાન્ય જીવનમાં જ રચ્યુંપચ્યું રહેશે તો અચેતન વધારે મજબૂત થશે. તેને પલોટવું એ ખડક તોડવા જેવું છે. પણ તેની અંદર ગુપ્ત રહેલ અતિમનસ-શક્તિ રૂપી કમાન તે કાર્ય કરી શકે છે.

૧૪ ચીની ડ્રેગનના ચિત્રમાં સાપ પોતાની પૂંછડી પોતાના મોઢામાં પકડતો દર્શાવેલ છે. ઊંચામાં ઊંચું તત્ત્વ જ્યારે નિમ્નમાં નિમ્ન તત્ત્વ સાથે જોડાય ત્યારે જ નવસર્જન થાય છે, એ તેનો ગૂઢાર્થ છે. માતાજીએ નિમ્ન અતિમનસનો સંપર્ક કરીને ઊર્ધ્વમાંના અતિમનસમાં પ્રવેશ મેળવ્યો.

૧૫ ઊર્ધ્વમાં આકાશમાંના સુવર્ણમય કણો તે પ્રગટ થતાં અતિમનસ જગતનું પ્રતીક છે.

૧૬ અતિમનસ જગતના નૂતન સર્જનનું તે પ્રતીક છે.

આ અનુભૂતિનો ગૂઢાર્થ એવો છે કે અવચેતન અને અચેતનના અવરોધો નીચે પણ અતિમનસ જગત આવિર્ભાવ પામવાનું જ છે અને તે શારીરિક - કોષોના રૂપાંતરથી જ શરૂ થશે. નીચે ઉતરીને જ તે કાર્ય કરવું પડશે.

---

(પૃ.૨૫ ઉપરથી) **ભારતીય સંસ્કૃતિના પાયા**

જગત પ્રત્યેનો અણગમો, જુગુપ્સા ભીતિ જેવા માનવીભાવો પ્રથમ ઊભરાઈ આવે છે અને અંતે તે શમી જઈને જગત પ્રત્યેની નિર્લેપતા ધારણ કરવામાં આવે છે. આ જે વૈરાગ્ય બાબતનાં પ્રાથમિક માનવીભાવોમાં જ માનવને ખૂંપાવી દેવો એવો કોઈ મંદિરનો હેતુ હોતો નથી. તે તો એક પ્રત્યાઘાતી તબક્કો ગણવામાં આવે છે. તેને વટાવીને તિતિક્ષા, સમતા, નિર્લેપતા અને તે દ્વારા અંતે શાંતિ, પ્રેમ તરફનાં પ્રયાણને જ પ્રોત્સાહન આપવામાં આવે છે. ગેડીસ ખ્રિશ્ચ્યન ધર્મના પ્રભાવ નીચે હોવાથી નન્સ કે પાદરી જે ભાવો રાખે છે તે તેમના મનમાં ઊભરાઈ આવવાં સહજ છે. પણ તેવા ભાવને ભારતીય અધ્યાત્મમાં ખૂબજ પ્રાથમિક દરજ્જો આપવામાં આવે છે.

સ્થાપત્ય અને મંદિરો ફક્ત નૈતિક-શિક્ષણ અથવા સૂચન આપનારા કેન્દ્રો તરીકે ગણવામાં આવ્યા જ નથી. પણ પારનૈતિક મૂલ્યો તરફ લઈ જનારા કેન્દ્રો ગણ્યાં છે. ભારતીયો તાજમહાલને શહાજહાનની ઈશ્કબાજીનું સ્મારક ગણતાં નથી પણ મૃત્યુબાદનું પણ શાશ્વત અને અશારીરિક અમર પ્રેમનું પ્રતીક ગણે છે. મકબરામાં મૃત્યુના ઓછાયા કરતાં ચીર-શાંતિનાં જ આંદોલનો અનુભવાય છે, તેવો જ ભાવ પીર-દરગાહ અને સમાધિ-સ્થાનો બાબત હોય છે.

આધ્યાત્મિક સમજણ વિના ભારતીય સ્થાપત્યને સમજવું અઘરું નહીં પણ અશક્ય છે.

# અરવિંદોપનિષદ

- શ્રી અરવિંદ

સમજૂતી - માનસિંહ ચાવડા

## ભૌતિક સૂર્ય : સત્ય સૂર્યનું જ એક સ્વરૂપ

પ્રકરણ - ૧૯

**યથા વા સૂર્યસ્ય જ્વાલામયં બિંબં ન સ્વયં સૂર્યઃ । સૂર્યસ્ય તુ સૂર્યત્વં પ્રકાશયતિ । એતત્ અન્નમયં રૂપમ્ અન્નાશ્રિતે જ્ઞાને । તદ્‌રૂપાતીતસ્તુ સૂર્યઃ । સત્ય સૂર્યઃ । સત્ય રૂપં । બિંબાકૃતિ સત્ય પ્રકાશઃ સતઃ સૂર્યસ્ય । ન સ માયાન્વિતઃ સતઃ સત્યપ્રકાશસ્તુ સઃ ।**

વિશાળ જ્વાળાઓની લપટોથી બનેલું આ સૂર્ય બિંબ એ સાચો સૂર્ય નથી. આ તો તેનું ભૌતિક સ્વરૂપ માત્ર છે. આવા ભૌતિકજ્ઞાનનો આધાર લેવાથી જ આપણે આ ભૌતિક સ્વરૂપને જ સાચો સૂર્ય માનીએ છીએ. આ ભૌતિક સ્વરૂપથી ઊર્ધ્વમાં અને પાછળ સાચો સૂર્ય છે, તેને જ સત્યનો સૂર્ય કહેવામાં આવે છે. તે જ સૂર્યનું સાચું સ્વરૂપ છે. તે જ સત્યના સૂર્યનો બિંબાકૃત બનેલો ભૌતિક પ્રકાશ જ આ ભૌતિક સૂર્ય છે. તે ભૌતિક સૂર્ય પણ કાંઈ ભ્રમ કે ભ્રાંતિ નથી. તે પણ સત્ય - સૂર્યનાં સત્યપ્રકાશનું જ એક સત્ય સ્વરૂપ છે.

આપણે નરી ભૌતિક આંખે જે સૂર્ય જોઈએ છીએ એ તારો તો એક અગન-ગોળો છે. તેમાં અહર્નિશ અણુવિભાજનથી આંતરિક દહન-ક્રિયા ચાલતી હોય છે. તે અણુભઠ્ઠી જેવો છે. તેને આપણે સૂર્ય કહીએ છીએ. પણ તે સાચો સૂર્ય નથી. જેમ વ્યક્તિનો આત્મા એ કાંઈ તેનું ભૌતિક શરીર નથી. તેનું આત્મતત્ત્વનું સ્વરૂપ જુદું છે અને તેના ભૌતિક અન્નમય દેહનું સ્વરૂપ જુદું છે તેવી જ આ પણ ઘટના છે.

સૂર્ય શબ્દ 'સૂર' શબ્દ ઉપરથી આવ્યો છે. સૂર એટલે દેવ. દેવો એ પરમ-ચેતનાના વ્યક્તિ-સ્વરૂપો છે. તેઓ પરમ-પ્રભુના સંકલ્પ સાથે આંતરિક રીતે તાળમેળમાં રહે છે, તેથી તેમને 'સૂર' કહેવામાં આવે છે. જેમ રાગરાગિણીમાં કોઈ આલાપ તે રાગરાગિણી સાથે સંવાદમાં હોય તો તેને સૂર કહેવાય છે, ન હોય તો તેને બેસૂર અથવા વિસંવાદી કહેવામાં આવે છે. આ રીતે દેવો એટલે પ્રભુના સંકલ્પને અનુસરી રચનાત્મક કાર્ય કરનારી ચેતનાઓ અને અસુર એટલે પ્રભુના સંકલ્પ બાબતમાં વિસંવાદી ભૂમિકા લઈ વિધ્વંશક કાર્ય કરનારી ચેતનાઓ.

સૂર્યને પણ આપણે પરમ-ચેતનાનું જ સ્વરૂપ ગણેલ છે, તેથી જ તેને સૂર્ય નારાયણ કહેવાય છે. નારાયણ એટલે સર્વવ્યાપી નિરાકાર ચેતના. નારા એટલે પાણી. પાણીને પોતાનો નિશ્ચિત આકાર ન હોવાથી તેને નિરાકાર ચેતનાનું પ્રતીક ગણેલ છે. અયન એટલે જઈ પહોંચવું, બધે જ વ્યાપી જવું. આમ નારાયણ એટલે સર્વત્ર વ્યાપેલી નિરાકાર ચેતના. એ જ સૂર્યનું સાચું સ્વરૂપ છે. તે દેવતા રૂપ છે. તે સૂર્યદેવ છે. તે જગતને પોષણ આપે છે, માટે તેને 'પૂષન' કહે છે. તે પરમ-ચેતના સાથે એકરૂપ રહેલી અદિતિ અર્થાત્ આત્મ-શક્તિ (અતિમનસ) કે પ્રજ્ઞા-શક્તિનું વિવિધ કક્ષાનું આવિર્ભાવ કેન્દ્ર છે, તેથી તેને આદિત્ય કહે છે. સાવિત્રી આ આદિત્યની પુત્રી હતી. તેની દિવ્ય-શક્તિ હતી એવો સાવિત્રી મહાકાવ્યમાં ઉલ્લેખ છે.

આ સૂર્યમાંથી જે પ્રકાશનાં આંદોલનો (છંદ) નીકળે છે તેમાંથી 'નાદ' નિર્માણ થાય છે. તેને 'રવ' કહેવાય છે, તેથી સૂર્યનું એક નામ 'રવિ' પણ છે. તે પ્રકાશમય હોવાથી તેને 'ભાસ્કર' કહે છે. તે પરમ-ચેતના આ આવિર્ભાવનું ભૌતિક કેન્દ્ર પણ છે, તેથી તેને 'માર્તંડ' પણ કહે છે. મૃત એટલે મૃત્તિકા અર્થાત્ માટી અર્થાત્ ભૌતિક તત્ત્વ. અંડ એટલે બીજ સ્વરૂપ. ભૌતિક-જગતનું સૂર્ય બીજ છે, ઉગમ સ્થાન છે, જન્મસ્થાન છે, જગતના આવિર્ભાવની તે યોનિ છે.

આ બધી વૈદિક-સંકલ્પનાઓનો શ્રી અરવિંદ ઉપયોગ કરીને આ વસ્તુઓ જણાવી રહ્યાં છે. આ ભૌતિક સૂર્ય દ્વારા જ પેલો દિવ્ય-સૂર્ય, સત્ય-સૂર્ય પ્રકાશી રહ્યો છે. આ સૂર્ય તો તેનું ભૌતિક (અન્નમય) અંગ જ છે. આપણે ફક્ત ભૌતિક-ચેતનામાં જ જીવતા હોવાથી (અન્નાશ્રિતેજ્ઞાને) આપણને સાચા સૂર્યનું ફક્ત ભૌતિક - અંગ જ દેખાય છે અને તે જ સમગ્ર સૂર્ય છે એવું આપણે ખોટી રીતે માની બેસીએ છીએ. સમગ્ર સૂર્ય તો તેથી ઘણો જ વિશાળ છે. તે ચેતનાના સૂક્ષ્મપાર્થિવ, પ્રાણમય, મનોમય, ચૈતસિક, અને આત્મિક સ્તરે પણ વિસ્તરેલો છે. તે ફક્ત ભૌતિક સ્તરનો જ નથી. સમગ્રતાથી જોશું અને સમજશું તો જ સાચો સૂર્ય કેવો છે, તેનું સાચું સમગ્ર સ્વરૂપ કેવું છે તે સમજાશે. આ ભૌતિક સૂર્ય તો ફક્ત બિંબસ્વરૂપ ભૌતિક અગન-ગોળો બનેલો જ સૂર્ય છે. તેનો ભૌતિક પ્રકાશ પણ ખરેખર ફક્ત ભૌતિક નથી પણ તે સત્ય - સૂર્યનો જ તે પ્રકાશ છે. પ્રકાશ કિરણનાં પણ ભૌતિક કક્ષાથી માંડી આત્મિક કક્ષા સુધીનાં વિવિધ સ્તરો છે. તે બધા સત્ય જ છે. તેમાંનું ફક્ત આત્મિક - કક્ષા જ સત્ય છે અને બીજી બધી જ કક્ષાઓ ભ્રમ કે માયા છે એવું નથી. બધા સત્ય સ્વરૂપ જ છે. તે પ્રકાશ પણ સત્યનો જ પ્રકાશ છે.

આ જ ભાવ વૈશ્વાનર યજ્ઞનાં મંત્રોમાં જુદા શબ્દોમાં પ્રગટ કરેલો છે. તેમાં સૂર્ય એટલે વૈશ્વિક કક્ષાનો દિવ્ય-પ્રકાશ અને અગ્નિ એટલે વ્યક્તિ-કક્ષાનો દિવ્ય-પ્રકાશ.

(પૃ.૩૯ ઉપર)

# રાષ્ટ્રીય શિક્ષણ

## ભારતમાં રાષ્ટ્રીય - કેળવણી

(રાષ્ટ્રીય કેળવણી - શ્રી અરવિંદ પેજ ૮૩-૮૯)

**સમજૂતી - માનસિંહ ચાવડા**

**પ્રકરણ - ૬**

૧ હિન્દમાં રાષ્ટ્રીય કેળવણીએ ક્યું તત્ત્વ અને આકાર.... ધારણ કરવાં જોઈએ.... એ પ્રયત્ન માટેની કઈ પદ્ધતિ..... ખરી મુશ્કેલી અહીં.... શરૂ થાય છે. પૃ.૮૩

૨ આપણા આખાએ સંસ્કારી જીવનમાં (આપણે) રાષ્ટ્રીય ભાવના અને વિચારની પકડ ગુમાવી દીધી છે. પૃ.૮૩

૩ આપણા રાષ્ટ્રની પ્રકૃતિ, આપણું જીવનદર્શન, આપણી આવશ્યકતા..... કેળવણી દ્વારા.... કઈ વસ્તુ માગી રહી છે ? પૃ.૮૪

૪ (તો જ) હિંદની ભાવિ માનવતાનો એક સાચો, જીવંત અને સર્જનાત્મક ઉછેર સાધવાની આશા..... સેવી શકશું. પૃ.૮૪

૫ પહેલાં કેળવણી પોતે શું છે..... તે વિષે ખાતરી કરી લેવી જોઈએ. પૃ.૮૪

૬ પહેલાં, કેળવણીમાં... ત્રણ વસ્તુએનો ખ્યાલ રાખવાનો હોય છે. (૧) માણસ પોતે (૨) રાષ્ટ્ર અથવા પ્રજા (૩) વ્યક્તિ પ્રજાના જીવન સાથે, મન અને આત્મા સાથે, સાચા સંબંધમાં આવે તેમાં મદદરૂપ (બને). પૃ.૮૫

૭ (રાષ્ટ્ર, માનવતા, જીવન) આ વસ્તુઓ વિષે હિંદની પાસે તેનો પોતાનો લાક્ષણિક ખ્યાલ અને દર્શન છે. પૃ.૮૬

૮ આપણી કેળવણીના છેક મૂળમાં આ જ વસ્તુ ખરેખર રહેલી છે. પૃ.૮૬

૯ હિંદે હંમેશા માણસમાં એક વ્યક્તિરૂપ આત્મા જોયો છે.

૧૦ હિંદે તો એમ જોયું છે કે રાષ્ટ્ર એ તો એક મહાન સામુદાયિક આત્મા અને જીવન છે. પૃ.૮૭

૧૧ પ્રકૃતિનો એક નિયમ પ્રગટ કર્યો છે... સ્વભાવ અને સ્વધર્મ. પૃ.૮૮

૧૨ માનવજાતિનો આત્મા સંઘર્ષ અને સંવાદ દ્વારા એકતા પ્રત્યે આગળ વધી રહ્યો છે. પૃ.૮૮

૧૩ વ્યક્તિ અને રાષ્ટ્રના મનમાં અને શરીરમાં આત્માનું આજે સાચું કાર્ય ચાલી રહ્યું છે, તેને માટે કરણ બની શકે તે જ કેળવણી કહેવાય. પૃ.૮૮

આ રીતે રાષ્ટ્રીય કેળવણી બાબતની ગેરસમજો દૂર કર્યા પછી હવે પ્રશ્ન ઊભો થાય છે કે ભારતની પોતાની રાષ્ટ્રીય - કેળવણી ક્યા પ્રકારની હશે. તેનો ઉદ્દેશ શું ? તેની કેળવણીની પદ્ધતિ શી ?

દુર્ભાગ્યે ભારતે પોતાની સાચી તેના આત્મામાંથી પ્રગટ થતી રાષ્ટ્રીય ભાવના ગુમાવી દીધી છે, તેથી ભારતીયોને તેનાં દર્શન થતાં નથી અથવા ખોટી રીતે અથવા આંશિક રીતે થાય છે. તે માટેનો સઘન ગંભીર અને સાચો પ્રયત્ન હજી શરૂ થયો નથી, એ દુર્ભાગ્યની વાત છે.

જે કાંઈ પ્રયત્નો થયાં છે તે અસ્ત-વ્યસ્ત છે. ઉપરછલ્લા છે અને તરંગી અને ઝનૂની સ્વભાવનાં વધારે છે.

ભારતનો સાચો આત્મા શું ઝંખે છે ? આ માટે ભારતીય સંસ્કૃતિ માનવને કયા દૃષ્ટિ-બિંદુથી જોય છે, તે સમજી લેવું જરૂરી છે.

૧ માનવ એક તર્ક પ્રધાન - પ્રાણી છે. આ માનવની વ્યાખ્યા ભારતીયોને માન્ય નથી. તર્ક - શક્તિ કરતાં પણ વિશેષ, સમર્થ એવી જ્ઞાનાર્જન કરવાની શક્તિઓ માનવમાં અવિકસિત અવસ્થામાં પડેલી છે એમ ભારતીય દર્શન માને છે.

૨ માનવ એક વિચાર કરતું, સંવેદના અનુભવતું, ઈચ્છા અને કલ્પનાશક્તિ ધરાવતું પ્રાકૃતિક પ્રાણી છે. આ ઉપરની વ્યાખ્યાથી થોડીક વિશાળ વ્યાખ્યા પણ ભારતીય - દર્શનને માન્ય નથી. વિચાર કરવો, સંવેદન અનુભવવું, ઈચ્છા કે કલ્પના કરવી આ બધા જ ભારતીય - દર્શન મુજબ ચેતનાની અભિવ્યક્તિનાં પ્રકારો છે. આવા અનંત પ્રકારો છે મૂળ તો માનવ એ માનવ શરીર દ્વારા વ્યક્ત થતો આત્મા છે. એની ઉપર ભારતીય - દર્શન ભાર મૂકે છે.

૩ માનવ એક રાજકીય, સામાજિક, આર્થિક પ્રાણી છે. તેણે સમાજ અને રાજ્યનું એક કાર્યક્ષમ, ઉત્પાદક અને શિસ્તબદ્ધ અંગ બની રહેવું જોઈએ. પ્લેટો અને આજના સમાજવાદીનું માનવને સમજવાની આ રીતે માનવને વ્યક્તિ તરીકે નિમ્ન ભૂમિકામાં રાખી સમાજ અને રાષ્ટ્રને સર્વોપરિ મહત્ત્વ આપેલ છે. આ દર્શન પણ ભારતીય - દર્શનને માન્ય નથી. ભારતીય - દર્શન માને છે કે વિશ્વાતીત અને વૈશ્વિક આત્મ તત્ત્વ જ વ્યક્તિ અને રાષ્ટ્ર તેમ જ સમગ્ર બ્રહ્માંડ દ્વારા આવિર્ભાવ પામી રહ્યો છે. ત્રણે - વ્યક્તિ સમાજ અને સમગ્ર વિશ્વ એ તેના આવિર્ભાવના સમાન મહત્ત્વનાં સાધનો છે. તેમાંથી કોઈ શ્રેષ્ઠ કે કનિષ્ઠ નથી. તેથી પણ આગળ જઈને આ દર્શન જણાવે છે કે વ્યક્તિ આત્મા આ સમાજ આત્માનો અંશ છે અને સમાજ આત્મા એ વિશ્વાત્માનો અંશ છે અને વિશ્વાત્માએ વિશ્વાતીત આત્માનો અંશ છે. ત્રણેએ પેલા વિશ્વાતીત આત્મા સ્વરૂપે જ વિકાસ પામવાનું છે. તે દરેક વિકાસ સ્વતંત્ર રહી શકતો નથી. પણ એક બીજા ઉપર અવલંબે છે, તેમણે

સાથે સાથે જ વિકાસ પામવાનું છે. 'આત્માર્થં પૃથિવીં ત્યજેત્' આ વાક્ય પાછળ આવી ભાવના રહેલી છે.

ભારતીય - દર્શન મુજબ માનવ એટલે એક વ્યક્તિરૂપ આત્મા છે. તે મન, પ્રાણ અને શરીરથી વિંટળાએલો છે. તે વિશ્વાતીત આત્મતત્ત્વનો વિશ્વપ્રકૃતિમાં થએલો એક સભાન આવિર્ભાવ સ્વરૂપ હોય છે. તે આવિર્ભાવમાં વિવિધ કક્ષાઓ છે જેમની કેન્દ્રિય ચેતનાને પુરુષ કહેવામાં આવે છે. આમ ભૌતિક, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય પુરુષો ચડતા ક્રમે છે. તેમની પ્રકૃતિને જ અનુક્રમે અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય કોષ કહેવામાં આવે છે. આત્મતત્ત્વ આ બધા જ પુરુષોને અને પ્રકૃતિઓને આધાર આપે છે અને તેમની દ્વારા પોતાનો આવિર્ભાવ સાધે છે. પોતાને આમની દ્વારા પૂર્ણ રીતે, કાયમી સ્વરૂપે, શુદ્ધ સ્વરૂપે પ્રગટ કરવો એ તેનો સંકલ્પ છે. આનંદમય કોષમાંનો પૂર્ણ આવિર્ભાવ એ તો વ્યક્તિ સ્વરૂપ આત્માનો અંતિમ તબક્કો છે. તે પછી વૈશ્વિક આત્માના જ આવા જ તબક્કા હાંસલ કરવાના હોય છે. વૈશ્વિક આત્માનાં પૂર્ણ આવિર્ભાવ બાદ વિશ્વાતીત આત્માના આવા જ તબક્કાઓ મેળવવાના હોય છે. અંતે આત્મતત્ત્વ વિશ્વાતીત પુરુષમાંથી મૂળ પરમ-ચેતનામાં બ્રહ્મતત્ત્વમાં આરોહણ કરે છે. આ જ અંતિમ આધ્યાત્મિક અવસ્થા છે.

સમજાવવા ખાતર અહીં વ્યક્તિગત વૈશ્વિક અને વિશ્વાતીત પુરુષોની પ્રગતિ અને વિકાસ ક્રમશઃ દર્શાવેલાં છે. ખરેખર તો વ્યક્તિ વિશ્વનો અને વિશ્વ વિશ્વાતીતનો અંશ હોવાથી આ બધો વિકાસ તાળમેળ સાથે સમગ્ર રીતે થતો હોય છે.

કેળવણીનો ઉદ્દેશ આ આત્માના સંકલ્પને ચરિતાર્થ કરવો એ છે.

આપણું સૂર્યમંડળ એ આપણું વિશ્વ છે. પૃથ્વી એ તેની સદસ્ય છે. અને પૃથ્વી ચેતનાનો એક અંશ એટલે ભારત. તેથી ભારતની ચેતનાનો વિકાસ એ અંતે આપણા સૂર્યમંડળની ચેતનાનો વિકાસનો પ્રકાર ગણાશે. આમ ભારતીય રાષ્ટ્રીય કેળવણીએ પર્યાયે વિશ્વાત્માના વિકાસની એક કેળવણીનો પ્રકાર છે. બધા જ રાષ્ટ્રોની કેળવણી એ પણ તેનો જ પ્રકાર અને અંશ હશે અને તેથી પૃથ્વી ઉપરની બધી જ રાષ્ટ્રીય કેળવણીઓમાં સુસંવાદ અને સુસૂત્રતા જરૂરી છે.

આપણા સૂર્યમંડળ જેવા અનંત સૂર્યમંડળો છે. દરેક એક વિશ્વાત્મા છે. સૂર્યને 'જગતસ્થ ચક્ષુ' કહ્યું છે, તેની પાછળ આ રહસ્ય છે. સૂર્ય જ જાણે પોતાનો વિકાસ થતો જોઈ શકે છે. આવા અનંત વિશ્વોનું મળીને બ્રહ્માંડનો આત્મા એ જ વિશ્વાતીત આત્મા છે. વિશ્વાતીત પુરુષ છે. બ્રહ્માંડની પેલે પાર પણ ચેતના છે પણ તે ભૌતિક કક્ષાએ અવ્યક્ત છે પણ અભૌતિક કક્ષાએ વ્યક્ત છે. પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય આ ચડતી કક્ષાઓમાં આત્મતત્ત્વ જે તે કક્ષાએ જ વ્યક્ત થાય છે. તે પછી

આત્માનો તદ્દન અવ્યક્ત નિરાકાર ચેતનાનો અનંત પ્રદેશ આવે છે.

આવી રીતે અખિલ બ્રહ્માંડ મારફત આત્મતત્ત્વ પ્રગટ થઈ રહ્યું છે. તેની દરેક કક્ષાની અભિવ્યક્તિ જુદા જુદા પ્રકારની હોવાથી ત્યાંની કેળવણી પદ્ધતિ પણ જુદા જુદા સ્વરૂપની જ રહેશે.

આપણે ભારતીયોએ આપણા ભારતદેશની ચેતનાને અનુરૂપ આપણી કેળવણી પદ્ધતિ ગોઠવવી પડશે. તે જ આપણી રાષ્ટ્રીય-કેળવણી બની રહેશે. આ કેળવણી એટલી સમગ્ર હશે કે તેમાં માનસિક, ભાવનાત્મક, ક્રિયાત્મક વિકાસ ઉપરાંત નૈતિક, સામાજિક, રાજકીય, આર્થિક, શૈક્ષણિક, કલાત્મક બધા જ વિકાસ પ્રકારોનો સમાવેશ થશે. દિવ્ય આત્માના આવિર્ભાવ સ્વરૂપ દિવ્ય-જીવન એ જ કેળવણીનું અંતિમ લક્ષ્ય હશે. તેમાં વ્યક્તિ વિશ્વ અને વિશ્વાતીત સૃષ્ટિઓ પૂર્ણ સંવાદમાં રહેશે.

તેથી કેળવણીનાં ત્રણ વ્યવહારુ ઉદ્દેશ હશે. પૃથ્વી ઉપરની કક્ષાએ વ્યક્તિ, રાષ્ટ્ર અને પૃથ્વી સ્વરૂપ વિશ્વ આ ત્રણ તબક્કા ગણાશે. તે ત્રણેના ઉદ્દેશ નીચે મુજબનાં રહેશે.

૧ વ્યક્તિ-માનવમાં રહેલ બધી બીજસ્વરૂપ ક્ષમતાઓને બહાર લાવવી. તેમને માનવ જીવનનાં પૂર્ણ હેતુની સિદ્ધતા માટે વાપરવાની કેળવણી આપવી.

૨ રાષ્ટ્ર અથવા સમાજ - વ્યક્તિને રાષ્ટ્ર અને સમાજના વિકાસમાં સહભાગી થવાની કેળવણી તે માટે વ્યક્તિની ક્ષમતાઓને અને તત્ત્વોને (મન, પ્રાણ, શરીર) પ્રજાના જીવન સાથે સુમેળમાં લાવી પ્રજાની ચેતનાનો વિકાસ સાધવો.

૩ પૃથ્વી - પૃથ્વી ઉપરની અનંત વ્યક્તિઓ અને પ્રજાઓને માનવ-જાતિના અંશ સમજી તેમને સુસંવાદમાં ગોઠવી સમગ્ર માનવ-ચેતનાનો વિકાસ કરવો. દરેક રાષ્ટ્રે માનવ-ચેતનાના વિકાસમાં પોતાનો રોલ અને ભાગ ભજવવાનો છે.

આ ત્રણે તબક્કાની કેળવણીમાં માનવેતર પ્રાણીઓની ચેતનાનો પણ વિકાસ ધ્યાનમાં લેવાનો જ હોય છે.

**સુધારો**

**ગત ઑક્ટો. ૨૦૦૯ના અંકમાં પેજ ૪૨ ઉપરનું શિર્ષક નીચે મુજબ સુધારી વાંચવા વિનંતિ. - તંત્રી**

**''પ્રભુની શોધ અને સેવા''**

# સુંદર કથાઓ
- માતાજી

## સમજૂતી - માનસિંહ ચાવડા
## વિવેકબુદ્ધિઃ જીવનનું સુકાન
(પેજ - ૭૧-૭૨)

એક જંગલ હતું. તેમાં ગીધનું એક જોડકું રહે. તેઓ હવે ઘરડાં થઈ ગયાં હતાં. ઊડી શકતા નહોતાં, શિકાર કરી શકતા નહોતાં; તેથી ભૂખ્યા જ રહેવું પડતું હતું. તેઓ મરવા પડ્યાં.

ત્યાં જંગલમાંથી એક વેપારી પોતાના કાફલા સાથે પસાર થઈ રહ્યો હતો. તેણે આ જોયું. તેને દયા આવી. તેણે ગીધની જોડીને સાથે લીધી. ઘેરે પાંજરામાં રાખ્યા. મરેલા ઢોરનું માંસ મંગાવી તેમને આપવા લાગ્યો. ગીધની તબિયત સુધરી. હવે તેઓ પાંખો ફફડાવવા લાગ્યાં. તેથી વેપારીએ તેમના પાંજરાનું બારણું ખોલી તેમને મુક્ત કર્યાં. બન્ને ગીધ આનંદથી કિકિયારીઓ કરતાં જંગલ તરફ ઊડી ગયાં.

ગીધ દંપતીના મનમાં આવ્યું. આપણો પ્રાણ બચાવનાર વેપારીનું કોઈક રીતે ઋણ ચુકવવું. તેમણે વિચાર કર્યો. વેપારી કપડાનો વેપારી છે, તેથી તેને પોતે ઉપાડી લાવેલાં કપડાં આપીશું, તો તે કમાશે અને તેમનું ઋણ પણ અદા થશે. તેમણે તો સપાટો બોલાવી દીધો. જ્યાં પણ કપડાં સુકાતાં હોય ત્યાં પહોંચી જાય. કપડાં લઈ વેપારીની અગાશી ઉપર નાખી આવે. વેપારી પ્રામાણિક હતો. તેણે વિચાર કર્યો. આ બધાં નક્કી ચોરેલાં કપડાં છે. ક્યારેક આ વાત રાજા જાણશે જ. વળી પોતે પ્રામાણિક હતો, તેથી બધા જ કપડાંને તેણે એક ઓરડીમાં ભેગા કરી રાખ્યાં.

રાજ્યમાં કપડા ચોરે હાહાકાર મચાવેલો, રાજા, પ્રજા, મંત્રીમંડળ મૂંઝાઈ ગએલું. ચોરના કોઈ સગડ મળતા નહોતા. પગેરુઓ પણ કાંઈ શોધી શક્યાં નહિ.

એક દિવસ ગીધે એક માછીમારનાં આંગણે સુકાતા કપડાં ઉપર ઝડપ મારી. કપડાં તો લીધાં પણ ઊડતી વખતે માછીમારની જાળમાં અટવાઈ ગયાં. માછીમારે તેને પકડી રાજ દરબારમાં હાજર કર્યા. રાજાએ પૂછ્યું, ''ગીધ, તને તો કપડાંની જરૂર નથી તો ચોરી શા માટે કરે છે?''

ગીધે રાજાને બધી વાત કરી. વેપારીને પકડવામાં આવ્યો અને રાજદરબારમાં હાજર કર્યો.

''હે વેપારી, હું તને પ્રામાણિક વેપારી સમજતો હતો પણ તું તો ચોર નીકળ્યો. શા

(પૃ.૧૯ ઉપર)

# વેદવિજ્ઞાન

- માનસિંહ ચાવડા

## વૈદિક સૂકતો

### શ્રીસૂક્ત પ્રકરણ - (૩ ચાલુ)

'શ્રી' શબ્દનાં વિવિધ અર્થો છે. શ્રી એટલે આશ્રય લેવો. શ્રી એટલે શ્રાવ થવો... અવતરણ થવું. પ્રભુએ અનંતરૂપે પ્રગટ થવાનો જે સંકલ્પ કરેલ છે તે સંકલ્પને કારણે જે અનંત સત્યો પ્રગટ થવાં લાગ્યાં તેને ઋતમ્ કહે છે. પ્રભુની ચેતનાશક્તિ આવા ઋતમ્‌થી ભરપૂર છે. (તત્ર ઋતંભરા પ્રજ્ઞા) આ ઋતમ્ અર્થાત્ બીજ સ્વરૂપે અવ્યક્ત રહેલાં સત્યો પ્રભુની ચેતનામાં આશ્રયે રહે છે. આ શ્રીનો પ્રથમ અર્થ અર્થાત્ પ્રભુનો અપ્રગટ, આંતરવૈભવ એટલે 'શ્રી';બીજો અર્થ એ છે કે આ અવ્યક્ત સત્યો ધસારો કરીને ધરતી ઉપર ઉત્ક્રાંતિ દ્વારા પ્રગટ થવા પ્રયત્ન કરે છે. આ તેમનું અવતરણ એટલે પણ 'શ્રી'.

જ્યાં સુધી આ પ્રભુનું અવ્યક્ત વૈભવ પ્રગટ થતું નથી ત્યાં સુધી તેને 'શ્રી' કહેવાય છે. તેથી જ દરેક વ્યક્તિને આપણે 'શ્રીમાન કહી સંબોધિએ છીએ. જ્યારે તે પ્રગટ થાય છે ત્યારે તે બધાનાં ધ્યાનમાં આવે છે. પ્રત્યક્ષ દેખાય છે ત્યારે તેને લક્ષ્મી કહે છે. લક્ષ્મી એટલે લક્ષમાં આવેલું.

આ સૂક્તમાં પ્રભુના પ્રકાશને શરીરનાં કોષેકોષોમાં કેવી રીતે ધારણ કરવો અને તેને કારણે કેવા પરિણામો આવે છે તેનો ચિતાર કર્દમ ઋષિએ આપ્યો છે.. આ વિદ્યાનો પ્રચાર કર્દમ પુત્ર ચિકલીથે સારી રીતે કરેલો હતો.

હવે આપણે શ્રીસૂક્તમાં શ્રીસૂક્તનો સાચો ગૂઢ અર્થ સમજવાનો પ્રયત્ન કરશું.

**૧ હિરણ્યવર્ણાં હરિણિં સુવર્ણ રજસસ્રજામ્।**
**ચંદ્રાં હિરણ્યમયીં લક્ષ્મીં જાતવેદો મમાવહ॥૧॥**

હે મારા જન્મનું રહસ્ય જાણનાર ચૈત્યપુરુષ (જાતવેદ) સુવર્ણમય તેજ સ્વરૂપ (સુવર્ણવર્ણામ્) ચપળ ગતિથી શરીરના કોષેકોષમાં પ્રવેશી જનાર (હરિણિમ્) તે પ્રવેશને કારણે શરીરની આજુબાજુ સોનેરી અને ચાંદી જેવા પ્રકાશનું આભામંડળ સ્વરૂપ માળા નિર્માણ કરનારું (સુવર્ણ રજતસ્રજામ્) શરીરની અંદર સર્વત્ર ચાંદની જેવી શીતલતા ફેલાવનાર સોમપ્રકાશ સ્વરૂપ (ચંદ્રામ્) કોષોની અંદર સુવર્ણમય પ્રકાશ સ્થિર કરનાર (હિરણ્યમયીં) એવી દિવ્યશક્તિ સ્વરૂપ તે પ્રગટ શક્તિને (લક્ષ્મીં) મારા માટે નીચે શરીરમાં અવતરણ કરાવ (માં આવહ).

**૨ તામ આવહ જાતવેદો લક્ષ્મીમનપગામિનીમ્‌।**
**યસ્યાં હિરણ્યં વિંદેયં ગામશ્વં પુરુષાનહમ્‌॥૨॥**

હે ચૈત્યપુરુષ (જાતવેદ) એવા સ્વરૂપની પ્રગટ દિવ્યશક્તિ સ્વરૂપ લક્ષ્મીને (લક્ષ્મીં) અવતરણ કરાવ (તામ આવહ) જે પાછી ન જતાં કાયમી વાસ કરે (અનપગામિનીમ્‌). તે કોષોમાં સ્થિર થતાં જ તેને કારણે (યસ્યાં) મને સોનેરીપ્રકાશ (હિરણ્યંગામ્‌) અખૂટ ઉત્સાહ (અશ્વમ્‌) અને પરમપુરુષનો (પુરુષમ્‌)નો સાક્ષાત્કાર થાય (અહં વિંદેયં)

**૩ અશ્વપૂર્વાં રથમધ્યાં હસ્તિનાદ પ્રબોધિનીમ્‌।**
**શ્રિયં દેવી મુપહ્વયે શ્રીર્માં દેવીજૂષતામ્‌॥૩॥**

જે શરીરમાં અવતરણ થતાં પહેલા જ દિવ્ય ઉત્સાહ પ્રગટ થાય છે (અશ્વપૂર્વામ્‌) જે શરીરરૂપી રથમાં વચ્ચેવચ હૃદયમાં બિરાજેલાં છે (રથમધ્યામ્‌) જેના આગમનથી ખૂબ જ મોટો અને સ્પષ્ટ (હસ્તિમ્‌) અનાહતનાદ નિર્માણ થવા લાગે છે (નાદ પ્રબોધિનિમ્‌) એવી દિવ્ય શક્તિ સ્વરૂપ શ્રી અર્થાત્‌ અપ્રગટ સદ્‌ગુણો (દેવીમ શ્રીયમ્‌) મને પ્રાપ્ત થાય (માં જુષતામ્‌)

**૪ કાંસોસ્મિતાં હિરણ્યપ્રાકારમાદ્રાં જ્વલન્તીમ્‌ તૃપ્તાં તર્પયન્તિમ્‌।**
**પદ્મેસ્થિતાં પદ્મવર્ણાં તામિહોપહ્વયે શ્રિયમ્‌॥૪॥**

શબ્દો દ્વારા વર્ણવી ન શકાય તેવા (કાંસ્‌) પ્રસન્ન (આ સ્મિતામ્‌) સુવર્ણ તેજોનું વલય જેની ચારે ફરતે કોટ તરીકે રચાયું છે તેવા (હિરણ્ય પ્રકારમ્‌) આલ્હાદદાયક મૃદુ (આદ્રામ્‌) પ્રકાશથી ઝળહળતાં (જ્વલન્તીમ્‌) તૃપ્તિ આપનારા (તૃપ્તામ્‌) સાધકની બધી જ મર્યાદાઓનો નાશ કરીને તેને સંતોષતા (તુષ્યન્તીમ્‌) સહસ્ત્રાર - ચક્રરૂપી કમળમાં સ્થિર થએલાં (પદ્મેસ્થિતામ્‌) સુવર્ણમય રતુમડાં રંગના (પદ્મવર્ણામ્‌) એવા શ્રી સ્વરૂપ (તામ્‌શ્રીયમ્‌) તે દિવ્ય તેજને હું મારા આ શરીરમાં (ઈહ) અવતરણ કરાવું છું (ઉપહ્વયે)

**૫ ચંદ્રા પ્રભાસાં યશસા જ્વલન્તીમ્‌ શ્રિયં લોકે દેવજુષ્ટામુદારામ્‌।**
**તાં પદ્મિનીમીં શરણમહં પ્રપદ્યે અલક્ષ્મીમે નશ્યતાં ત્વાં વૃણે॥૫॥**

ચાંદની જેવા શીતલ પ્રકાશ સ્વરૂપે (ચંદ્રાં પ્રભાસાં) સદા વિજયી (યશસા) તેજોમય (જ્વલંતીમ્‌) પરમપ્રભુનાં સંકલ્પ સાથે સક્રિય બનેલા (દેવજુષ્ટામ્‌) દયાળુ (ઉદારામ્‌) હૃદયકમળમાં અવતરણ કરાવવા લક્ષ્મીજીના હું શરણે જાઉં છું (શરણમહં પ્રપદ્યે) મારામાંનું અવચેતન અને અચેતન (મે અલક્ષ્મીમ્‌) નાશ પામે (નશ્યતામ્‌) અને (હે જગન્માત) હું ફક્ત તમારો જ સ્વીકાર કરું (ત્વાં વૃણે) (ક્રમશઃ)

# ઉપનિષદોનું અમૃત

- માનસિંહ ચાવડા

## છાંદોગ્યોપનિષદની દહરવિદ્યા (૮/૧)

પ્રકરણ -૧૧

આ માનવ શરીર દ્વારા જ બ્રહ્મતત્ત્વ, બ્રહ્મ-ચેતના પ્રગટ થવાની છે. હાલમાં તે બીજ સ્વરૂપે, અવ્યક્ત સ્વરૂપે રહેલી છે. હજી વિકાસ પામી નથી, જાગૃત થઈ નથી. તેથી આ શરીરને પુરુષ કહે છે. પુરુષ એટલે જેમાં બ્રહ્મચેતના હજી સૂતેલી છે એવું મકાન (પૂરં શેતે ઈતિ પુરુષઃ)

આ શરીરમાં બ્રહ્મ-ચેતના રહે છે તેથી આ શરીરને બ્રહ્મપુરં પણ કહેવામાં આવે છે.

બ્રહ્મચેતના બીજ સ્વરૂપે રહેલ છે એટલે ક્યા સ્વરૂપે રહેલ છે? તો ઉપનિષદોની દહર વિદ્યા જણાવે છે કે તે શરીરના મધ્યભાગમાં, હૃદય-પ્રદેશમાં એક જ્યોત સ્વરૂપે રહેલ છે. તે જ્યોત આકાર કમળની કળી જેવો છે. અર્થાત્ દીવાની જ્યોત જેવો છે. શિવલિંગ જેવો છે. તેને જ જ્યોતિર્લિંગ કહે છે. અંગૂઠા જેટલો આકારનો છે. તે જ આ અવ્યક્ત બ્રહ્મચેતનાનું વ્યક્ત જ્યોતિર્મય રૂપ છે. તેને જીવ અથવા ચૈત્યપુરુષ કહેવામાં આવે છે. તે ભૌતિક શરીરનો ભાગ નથી પણ કારણ શરીરનો ભાગ છે. તે ખૂબ જ સૂક્ષ્મ છે, તેથી આ જ્યોતિર્લિંગને 'દેહપુંડરિક' કહે છે. દહરનાં બે અર્થ છે - સૂક્ષ્મ અને ધાતુ ઓગાળવાનું પાત્ર. આ કારણ શરીરનો ભાગ હોવાથી તે સૂક્ષ્મ છે જ પણ આ ભાગ પેલા ધાતુ ઓગાળવાના પાત્ર જેવું પણ કામ કરે છે. શરીર સપ્ત ધાતુઓનું બનેલું છે. તે જડ ભૌતિક તત્ત્વ છે પણ તેમાં ચેતનાને ધારણ કરવાની ક્ષમતા પણ છે, તેથી તેને ધાતુ કહે છે (ધારયતે ઈતિ ધાતુ) તેથી જડ હોવા છતાં તેમણે પોતાનો શારીરિક તત્ત્વ તરીકે વિકાસ કર્યો છે. શરીર દ્વારા ચેતના પ્રગટ થઈ શકે છે. જડ ભૌતિક તત્ત્વ દ્વારા તે થતી નથી.

શારીરિક તત્ત્વ સપ્ત ધાતુનું બનેલું છે. (અસ્થિ, મેદ, માંસ, મજ્જા, સ્નાયુ, રક્ત અને વીર્ય) અને આપણી ચેતના તેના પૂરતી જ પોતાને સીમિત ગણવા માંડી છે. શરીરની મર્યાદાઓને આપણે આપણી ચેતનાની મર્યાદાઓ ગણવા માંડ્યા છીએ. આ ભ્રમ છે આને જ દેહભાવ, દેહભ્રમ, દેહાધ્યાસ કહે છે. અધ્યાસ એટલે ભ્રમ, ગેરસમજ.

આ પોતે ધાતુમય જ છે, તેની સાથે એકરૂપ જ છે. આ ભ્રમ આ ચૈત્યપુરુષના પ્રદેશમાં પ્રવેશતા જ ઓગળી જાય છે. તેથી આ ચૈત્યપુરુષ પેલા ધાતુઓ બાબત ઓગાળવાનું પાત્ર પણ છે. આને જ ધાતુશુદ્ધિ કહે છે. આવું જ કલિકા આકાર ચૈત્યપુરુષનું પણ છે તેની ચેતનામાં પ્રવેશતા જ આ આકાશની જેમ એક સૂક્ષ્મ ચિદાકાશનો અનુભવ થાય છે. તે ચૈતન્યનું આકાશ પણ અસીમ છે, નિર્લેપ છે. નિષ્ક્રિય છે. આ આકાશ આ આપણે જોઈએ છીએ તે આકાશથી પણ વિશાળ છે, તેમાં બ્રહ્માંડમાં જે છે તે બધું જ સમાઈ જાય

છે. બધા તારાઓ, નક્ષત્રો, સૂર્યો, ચંદ્રો, પંચમહાભૂતો પ્રાણીમાત્ર, તેમની કામનાઓ, ઈચ્છાઓ બધું તેના વિસ્તારની અંદર જ આવી જાય છે. જે આ ભૌતિક આકાશમાં નથી. તેવા સૂક્ષ્મ-લોકો પણ પેલા ચિદાકાશની અંદર જ છે. તેની બહાર કાંઈ જ નથી.

ભૌતિક શરીર નષ્ટ થાય તો પણ તે ચિદાકાશ નષ્ટ થતું નથી. સૂક્ષ્મ શરીર નષ્ટ થાય તો પણ તે નષ્ટ થતું નથી. કારણ શરીર તેનું જ બનેલું છે.

કારણ શરીરની પણ ત્રણ કક્ષા છે. વ્યક્તિગત કક્ષા, વૈશ્વિક કક્ષા અને વિશ્વાતીત કક્ષા. વ્યક્તિગત કારણ શરીરની ચેતનાને પ્રાજ્ઞ કહે છે. વૈશ્વિક કારણ શરીરની ચેતનાને મહેશ, જ્યારે વિશ્વાતીત કારણ શરીરની ચેતનાને ઈશ્વર. આ વિશ્વાતીત કારણ શરીર પણ આ ચિદાકાશનું બનેલ છે.

આ ચિદાકાશને જ અક્ષરપુરુષ કહેવામાં આવે છે. તેને જ 'ભૂમા' કહેવામાં આવે છે. ભૂમા એટલે અસીમ વ્યાપક તત્ત્વ. કલિકાકાર જ્યોતિર્લિંગને ક્ષરપુરુષ કહેવામાં આવે છે. ક્ષરપુરુષ દ્વારા અક્ષરપુરુષ પ્રગટ થતો હોય છે, તેથી ક્ષરપુરુષને 'વેશ્મ' કહે છે. 'વેશ્મ' એટલે આવાસ અથવા નિવાસ. તેમાં અક્ષરપુરુષ પ્રવેશીને રહેલ છે.

આવા અક્ષરપુરુષમાં પણ યોગીએ પ્રવેશવાનું છે ત્યારે તેને સાચા બ્રહ્મતત્ત્વનું જ્ઞાન મળે છે જે પુરુષોત્તમ-ચેતના છે. ક્ષર અને અક્ષરપુરુષ એ બન્ને તેના પાસા છે. તેમનાથી પણ તે ઊર્ધ્વમાં વસેલો છે. કારણ શરીર એ વ્યક્ત બ્રહ્મની, સગુણ બ્રહ્મની, શબલ બ્રહ્મની અંતિમ મર્યાદા છે. પુરુષોત્તમ તો તેની પણ પેલી પાર અવ્યક્તમાં પણ છે.

સારાંશ, બ્રહ્મતત્ત્વ બધું જ છે, સાકાર, નિરાકાર, સગુણ નિર્ગુણ, સક્રિય નિષ્ક્રિય, વ્યક્ત, અવ્યક્ત બધું તે જ છે. તે ફક્ત 'ભૂમા' છે. સર્વવ્યાપી છે.

તેને પ્રાપ્ત કરવાથી અમૃત પ્રાપ્તિ થાય છે. અમરતા મળે છે. તે શાશ્વત ચૈતન્ય સ્વરૂપ છે.

---

(પૃ.૨૯ ઉપરથી)

## અરવિંદોપનિષદ

મંત્ર જણાવે છે કે સૂર્ય અને અગ્નિ બન્ને દિવ્ય-પ્રકાશ સ્વરૂપ છે. તે દિવ્ય પ્રકાશ અને દિવ્ય-શક્તિ એટલે જ અતિમનસ પ્રકાશ અને અતિમનસ શક્તિ. મંત્ર નીચે મુજબનાં છે:

સૂર્યો જ્યોતિઃ જ્યોતિઃ સૂર્યઃ સ્વાહા।
સૂયો વર્ચઃ જ્યોતિઃ વર્ચઃ સ્વાહા।
અગ્નિ ર્જયોતિઃ જ્યોતિરગ્નિ સ્વાહા।
અગ્નિર્વચઃ જ્યોતિર્વર્ચઃ સ્વાહા।

સારાંશ સત્ય, પ્રકાશ અને શક્તિ ત્રણે એકરૂપ જ છે. ત્રણે અભિન્ન છે તે જ અદિતિ છે.

# આગામી - ભાવિ

(શ્રી અરવિંદ સોસાયટીના ઈ-મેગેઝીન ઑક્ટોબરનાં ૨૦૦૯ના Next Futureનો સાર - સાભાર)

## આપણી માનવી અપેક્ષાઓ

ઘણા કહે છે કે આજે જગત જેવું છે તેને ભગવાન શીતલતા આપી શકતા નથી. સર્વ સામાન્ય કલ્પના મુજબ તે કામ કરતો નથી, તે બહુમતિને અનુમોદન નથી આપતો. તે વિકાસને આડમાર્ગે ચડાવી દે છે. તે મસ્તીમાં કૂદાકૂદ કરી મૂકતો નથી. તે લોકોને દંગ કેમ કરી દેવા તે જાણતો નથી. તે મારા જેમ ફોન અને કુકર વાપરતો નથી. તે લટકામટકા કરતો નથી. તે સીટીઓ વગાડતો નથી. તેને ફેશનની કોઈ ગતાગમ નથી. તે સુળાઓ ઉપરથી બાઈક કૂદાવી સમુદ્રમાં ઝંપલાવતો નથી. તે જીવતા માંકડ ગળી શકતો નથી. અરે, તેના હાથ પગ ઉપર છુંદણા પણ નથી. (તેના બુદ્ધુપણાની કમાલ છે !)

ખરેખર તે પૂરેપૂરો જૂનવાણી છે. અરસિક ગામડિયો છે. ભગવાન તો કંટાળો લાવે તેવો છે મારા બાપ !

પણ તો પછી આ ભગવાન કરે છે શું ?

ખાતરીથી તે આપણે કરીએ છીએ તે કાંઈ પણ કરતો નથી, પણ રોજ સૂરજને નિયમિત કોઈ પણ પરિસ્થિતિમાં ઉગાડે છે. ધ્યાન રાખો કોઈ..... પણ.... પરિસ્થિતિમાં.....

ભગવાન ભલે કંટાળાજનક હોય, આપણામાંથી થોડાક તો આ કંટાળાજનકથી પણ આશ્ચર્ય પામી રસ લેતા થાય છે જ. આપણને પણ તે કંટાળાજનક લાગતો હશે. કદાચ આ કંટાળો કોઈ નવી અદ્ભુત વસ્તુની શરૂઆત હશે.

# સુન્દરમ્‌નું આંતરિક ધર્મયુદ્ધ

- સુંદરમ્‌

''હું ગીતાનું જીવનાનુભૂતિઓ અનુભવતો હતો. મેં અસત્ય સામે પડકાર કર્યો હતો. અંદર અને બહારના વ્યવહારોમાં એક જબરું દ્વંદ્વ ચાલવું શરૂ થયું હતું. સત્યનો વિજય થશે એવી ખાતરી સાથે હું કામ આગળ ધપાવી રહ્યો હતો.

આ દરમિયાન યોગની શક્તિ મારી પ્રકૃતિ અનુસાર મને તેનો સાક્ષાત્કાર આપતી આગળ ને આગળ ધપાવી રહી હતી. શરૂઆતના અનેક સાક્ષાત્કારોમાં આસનનું અદ્ધર હોવું - અનુભૂતિઓ અનુભવવી, ચેતના-શક્તિનો પરિચય પામવો, પ્રકાશનાં દર્શન મેળવવાં, વિશ્વની એકતા અનુભવવી, ફૂલો અને વૃક્ષો સાથે આત્મીયતા અનુભવવી, તેની સાથે વાતો કરવી વગેરે. આ તબક્કામાં એક ધન્ય પળે ધન્ય દિવસે શ્રી માતાજીની કૃપા પૂરેપૂરી ઊતરી. એ દિવસ હતો સને ૧૯૪૬ના ઑક્ટોબરની ૧લી તારીખનો, વહેલી સવારે ૧.૧૫ મિનિટે, શ્રી માતાજીએ મારા તે વખતના નિવાસસ્થાને, બાજુના ઓરડામાં જ્યાં આપ એક વખત આવી ગયા છો ત્યાં દર્શન આપ્યાં.

આ પછી એક અનિષ્ટે મારી પકડ લીધી.

તેણે મારા ભૂતકાળને આગળ ધર્યો. તેણે ચમત્કારપૂર્વક શરૂઆત કરી. તેણે મારા સમગ્ર જીવન દરમિયાન જે કંઈ વિસરાઈ ગયું હતું તેને સ્મરણમાં લાવી મને કહેવા માંડ્યું : 'જો તેં તો ફલાણે દિવસે આ પાપ કર્યું હતું. તેં તે વખતે આવું અસત્ય આચર્યું હતું.' આમ એની પ્રપંચ-પરંપરાએ મને ઘેરવા માંડ્યો. હું ઈશ્વરને પામવા માટે લાયક નથી આ મુદ્દો ઉપાડી તેણે મારી આખી સ્થિતિને ઘેરી લીધી. મને પ્રભુમાં શ્રદ્ધા રાખવા કહે છે તે કોણ છે ? અને પ્રભુના નામે જ મને દુઃખ આપે છે, ગાળો બોલે છે, મને જકડી લે છે તે કોણ છે ? આ વિસંવાદી પરિસ્થિતિએ મને જાગ્રત કર્યો.

આમ અખંડ ત્રણ માસ સુધી મેં એક મહા યુદ્ધ ખેલ્યું. તે યુદ્ધના ત્રણ તબક્કા છે. એક મારી માંદગીનો, તે પછીનો મારા જન્મદિવસનો, ૨૨મી ફેબ્રુઆરીએ, શ્રીમાતાજીની કૃપા ઊતર્યાનો, તેમના વિજયનો. અને ત્રીજો ત્યાર પછીનો.

આ દરમિયાન મારા કાર્યમાં મને સહાયતા કરવામાં અન્ય દેવો - ગાયત્રીથી માંડીને સૂર્ય, મહેશ્વરી, મહાકાલી, લક્ષ્મી, સરસ્વતી, વિષ્ણુ, બ્રહ્મા, ગણેશ, રામ, હનુમાન આદિ હતા. તેમના આધારે હું ટકી રહ્યો હતો. પરંતુ ૨૧મી ફેબ્રુઆરીએ હું એ અઘોર સ્થિતિમાંથી શ્રી માતાજીની કૃપાએ જાગ્રત બની સૂર્યના પ્રકાશને જોઈ

શક્યો, પક્ષીઓ અને પવનને અનુભવી શક્યો, અમુક માનવોને દેવોના સ્વરૂપમાં અનુભવવા લાગ્યો. એ શ્રી માતાજીની શક્તિનું કાર્ય હતું. એ તબક્કો અસુરના સંહારનો હતો. સંહાર પછીના શ્વાસનો હતો. આ શ્વાસ અનુભવાય ત્યાં અનિષ્ટે ફરી ઘેરો ઘાલ્યો. તેની યોજનાઓ અમલમાં આવવા માંડી. તેણે ગૂંચવી નાખી મારાં નિદ્રા અને ભોજનને વિકૃત કરી દીધાં.

આ તબક્કે પણ બે તત્ત્વો મિશ્ર સ્થિતિમાં હતાં. તેનું આજે આમ પૃથક્કરણ કરી શકાય. એ જ્ઞાન અને અજ્ઞાનની, અસુર અને દેવત્વની મિશ્ર સ્થિતિ હતી. મધ અને દીવેલ મળીને એકરસ થઈ ગયાં હોય અને તેમાંથી મધને જુદું તારવવું જેટલું સમસ્યા રૂપ હોય તેટલું તે વખતે કાર્ય અઘરું અને અશક્ય ભાસતું હતું. એ સ્થિતિમાંથી શરૂ કરી એક સમયે, એટલે કે માંદગીની શરૂઆતથી ત્રીજે મહિને ચૈત્રની રામનવમીને સવારે શ્રી માતાજીએ જડને દામી દઈને છેક ઉપરના સ્તર પર આવી સામાન્ય ચેતના સાથે એકરૂપ થઈ તેઓ બોલ્યા : 'તું મારામાં શ્રદ્ધા રાખ. હું તને સહાયતા કરીશ.' 'તું મારામાં વિશ્વાસ રાખ. હું તારી માતા છું.' મારા આનંદનો સ્રોત ઝરવા લાગ્યો. હું જ્ઞાનયુક્ત થવા લાગ્યો. શ્રી માતાજી આગળ બોલ્યાં : 'જો ! તારા મનમાં જે એક દ્વંદ્વ ચાલી રહ્યું છે તે તું મારા શરણે ધર,' એ મારી અંગત બાબત હતી. હું ક્ષોભ અને ધર્મનો પ્રેર્યો ધર્મ અને ફરજને આગળ ધરવા લાગ્યો. 'આમાં શું કરવું તે મને સમજાતું નથી.' શ્રીમાતાજીએ મારા જીવનની આખી સ્થિતિને માત્ર સમર્પણ રૂપે ધરી દેવા કહ્યું. મેં ક્ષોભ સાથે મારી અંગત બાબતો તેમની આગળ ધરી, એમનું શરણ સ્વીકાર્યું. અને શ્રી માતાજીએ આશિષ આપ્યા : 'તારું દુઃખ આજથી ક્રમે ક્રમે ઓછું થતું જશે, હું તને રોજ જ્ઞાન આપીશ.' આ મારા નવજીવનની શરૂઆત હતી. મારી જે ગ્રંથિ હતી તેને ગાળવાની શરૂઆત કરી. હું જોતજોતામાં તેનાથી તદ્દન મુક્ત બની રહ્યો.

(દક્ષિણા, એપ્રિલ ૧૯૫૨, પૃ.૨૫૨. સાભાર)

## માનવી પ્રકૃતિ

પથારીમાં સૂતા સૂતા બારીમાંથી આખું આકાશ દેખાતું હતું. પણ ત્યાં અચાનક એક મોટો પ્રકાશિત તારો ખરી પડતો જોયો અને આ ખરતા તારાને જોતાં જ 'ઓહ !' બોલાઈ ગયું

ખરેખર, આપણને હંમેશા ઉડ્ડયન જોતાં આનંદ થતો હોય છે અને કશુંક ખરી પડતું જોતાં સિસકારો નીકળી જતો હોય છે. **-ભૂપેન્દ્ર ત્રિવેદી**

# સિદ્ધિ - દિન

તા.૨૪ નવેમ્બરના દિવસને આપણે સૌ સિદ્ધિ દિન તરીકે ઊજવીએ છીએ. આ દિવસે ૧૯૨૬ની સાલમાં શ્રી અરવિંદે અધિમનસ ચેતનાનું પૃથ્વીની ચેતનામાં આવિર્ભાવ કરવાની સિદ્ધિ પ્રાપ્ત કરી છે. અધિમનસના આવિર્ભાવને શ્રી અરવિંદે શ્રીકૃષ્ણ ચેતનાનો આવિર્ભાવ જણાવેલ છે.

શ્રીકૃષ્ણ અવતાર હતા. અવતાર એટલે માનવના દેહમાં સ્વયં પ્રભુનું પ્રાગટ્ય. શ્રીકૃષ્ણ માનવદેહમાં પ્રભુના પ્રાગટ્ય રૂપે અવતર્યા હતા તેથી અપરા પ્રકૃતિના ત્રિગુણો સત્ત્વ, રજસ અને તમસથી મુક્ત હતા.

શ્રી અરવિંદ માનવ તરીકે અપરા પ્રકૃતિના ગુણો સત્ત્વ, રજસ અને તમસથી બંધાવેલ હતા. શ્રી અરવિંદે તેમની સાધના દ્વારા અપરા પ્રકૃતિના ત્રિગુણો ઉપર વિજય પ્રાપ્ત કરી પરા પ્રકૃતિ ધારણ કરી અધિમનસ ચેતનાને પૃથ્વીની ચેતનામાં આર્વિભૂત કરવાની સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

શ્રી અરવિંદે સિદ્ધિ ફક્ત તેમના સ્વયંને માટે સીમિત રાખી નથી, પરંતુ સમગ્ર માનવની ચેતનામાં રહેલ નિમ્ન પ્રાણનું દિવ્ય ચેતનામાં રૂપાંતર કરી માનવને દિવ્ય માનવની સિદ્ધિ પ્રાપ્ત કરાવી આપેલ છે.

શ્રીકૃષ્ણએ માનવને તેની નિમ્ન પ્રાણની ચેતનામાંથી મુક્ત થઈ દિવ્ય ચેતનામાં કેવી રીતે પ્રવેશ કરવો તેનો માર્ગ કંડારી આપેલ છે. જ્યારે શ્રી અરવિંદે માનવની નિમ્ન પ્રાણની ચેતનાને દિવ્ય ચેતનામાં પ્રવેશ કરાવી આપ્યો છે. સાથે સાથે તે દિવ્ય ચેતનાને ધારણ કરી અહીં પાર્થિવ જગતમાં સ્થાયી સ્વરૂપે સ્થાપી આપેલ છે.

શ્રીકૃષ્ણએ માનવને તેની પ્રકૃતિમાં પ્રેમ, ભક્તિ અને આત્મસમર્પણ કેવી રીતે ધારણ કરી શકાય તેનું જ્ઞાન આપેલ હતું. જ્યારે શ્રી અરવિંદે સમગ્ર માનવ પ્રકૃતિમાં તેના ઉચ્ચમાં ઉચ્ચ આધ્યાત્મિક ભૂમિકાથી છેક નિમ્ન સ્તર સ્થૂળ ભૂમિકા સુધી પ્રેમ, ભક્તિ અને આત્મ સમર્પણ સ્થાપી આપી માનવની અપરા પ્રકૃતિનું પરા પ્રકૃતિમાં રૂપાંતર સિદ્ધ કરી આપ્યું છે. આ પરા પ્રકૃતિ દ્વારા માનવ પોતાની અંદર સમાવિષ્ટ દિવ્યતાને પ્રગટ કરી શકે છે, તે પણ શ્રી અરવિંદે સિદ્ધ કરી આપેલ છે.

પારસમણી લોખંડને સુવર્ણમાં રૂપાંતર કરી આપે છે. એટલે એક ધાતુને બીજી ધાતુમાં રૂપાંતર કરી આપે છે. ધાતુમાં રહેલ ધાતુત્વ દૂર કરી આપતો નથી. એટલે

સ્થૂળને સ્થૂળ સ્વરૂપમાં જ રહેવા દે છે. શ્રી અરવિંદે સ્થૂળ એટલે કે અચિત્‌ના આવરણથી આચ્છાદિત ચિત્‌ને તેના આવરણથી મુક્ત કરી શુદ્ધ ચૈતન્ય તરીકે પ્રગટ કરી આપેલ છે. એટલે કે બાહ્ય રીતે સ્થૂળ અનુભવવાની  પાર્થિવતામાં રહેલ ચેતનાને પ્રગટ કરી આપેલ છે.

માનવનો જીવાત્મા અપરા પ્રકૃતિના અજ્ઞાનમાં આચ્છાદિત હતો. તે જીવાત્માને અધિમનસ ચેતનાનો આવિર્ભાવ થવાથી પોતાની સાચી ઓળખ પ્રભુના અંશ તરીકેની પ્રાપ્તિ કરે છે. આથી જીવાત્મા પોતે પ્રભુને ખાતર જીવન જીવે છે તેવું અનુભવે છે. જેને સમજાવતા શ્રી માતાજી જણાવે છે તે મુજબ માનવ પોતાને પ્રભુથી અલગ અનુભવતો નથી તેમ જ પોતે જે કાંઈ નિર્ણય લે છે, આજ્ઞા આપે છે, ગતિમાં મૂકે છે, સંચાલિત કરે છે, કાર્યને સિદ્ધ કરે છે તે બધાં કાર્યો પ્રભુ જ કરે છે એમ અનુભવે છે.

અધિમનસ ચેતના દ્વારા માનવ સમગ્રપણે માયામાંથી મુક્ત થઈ પ્રભુની લીલામાં જીવન જીવે છે. જીવ અને જગત વચ્ચે દ્વૈત ભાવને બદલે અદ્વૈત અનુભવે છે, જે દ્વારા માનવ પોતે ક્ષર અને અક્ષરથી ઉપર ઊઠી પુરુષોત્તમ ચેતનાને અનુભવે છે. માનવની પ્રકૃતિ પોતાને પ્રભુની શક્તિના કરણ તરીકે અનુભવે છે. આથી માનવના અહમ્‌નું પ્રભુના સનાતન અંશ તરીકે રૂપાંતર થાય છે. જેને શ્રી અરવિંદ ગીતા નિબંધોમાં જણાવે છે તે મુજબ માનવ પોતાને દેહ, પ્રાણ અને મન સ્વરૂપે નહીં, પરંતુ  પરમ પ્રભુના સનાતન અંશ તરીકે અનુભવે છે.

માનવ પ્રભુના સનાતન અંશ તરીકે પ્રત્યેકના અંતરમાં રહેલી આધ્યાત્મિક વાસ્તવિકતા એટલે કે પુરુષોત્તમ પોતે છે, અને અભિવ્યક્ત થનાર પ્રત્યેક જીવ, અનેકમાંનો પ્રત્યેક સનાતન અસ્તિત્વ છે, અને દિવ્ય અંતરની શાશ્વત એ જ અમર એવી શક્તિ સ્વરૂપે પ્રગટ થાય છે એમ અનુભવે છે.

શ્રી અરવિંદ દ્વારા પ્રાપ્ત થયેલ આ સિદ્ધિનું આધ્યાત્મિક કાર્ય ભાવિને બદલે અત્યારે વર્તમાનમાં સિદ્ધ થાય તે માટે શ્રી માતાજી જણાવે છે તે મુજબ આપણે સૌ આ બદલાતા જગતના રૂપાંતર માટે આધ્યાત્મિક બનવાની સંમતિ આપીએ. આ જ વાતને સમર્થન આપતા શ્રી અરવિંદ જણાવે છે તે મુજબ માનવના પોતાના પ્રયત્નો સિવાય પણ ઈશ્વરની શક્તિ અસરકારક રીતે કાર્ય કરી શકે છે. એ શક્તિને પોતાના કાર્ય માટે માનવના પ્રયત્નોની નહિ, માનવની સંમતિની જરૂર હોય છે.

આપણે સાચા દિલથી અભીપ્સા દ્વારા આપણી સંમતિ આપીને સિદ્ધિ દિનની ઉજવણી કરીએ, તે માટે શ્રી માતાજી તરફથી જ્ઞાન, પ્રેમ અને શક્તિ પ્રાપ્ત થાય એજ અભ્યર્થના.

ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

# વિજ્ઞાન અને અધ્યાત્મ

- માનસિંહ ચાવડા

## વૈદિકકાળનું વિજ્ઞાન

પ્રકરણ - ૭

ભારતમાંનો વેદકાળ ફક્ત અધ્યાત્મ માટે જ નહીં પણ વિજ્ઞાનક્ષેત્રે પણ સુવર્ણયુગ હતો, કારણ આર્ય લોકોનો નવું નવું શોધવાનો, સમજવાનો ઉત્સાહ અદમ્ય હતો. જીવન આશાઓથી ભરપૂર હતું. ખોટા વૈરાગ્યના ખ્યાલો નહોતા. તેમણે જે વિવિધ વિજ્ઞાન ક્ષેત્રે પ્રગતિ કરી હતી, તેની સમજણ મેળવવી જરૂરી છે.

**વિશ્વ વિજ્ઞાનની શોધો**

કોસ્મોલોજીને લગતા તેમના સંશોધનો નીચે મુજબનાં હતાં :

**૧) પૃથ્વી સર્જન :** શતપથ બ્રાહ્મણમાં આ બાબતની ઝાંખી થાય છે. નિરાકાર સતત આકાર બદલતા પ્રવાહી સ્થિતિમાંના પદાર્થને તેઓ 'આપ' કહેતા. આપ એટલે પાણી. પાણીને જેમ નિશ્ચિત આકાર નથી હોતો. તેવો પદાર્થ તે આપ, આજે જેને નેબુલા કહે છે. તેવા ઘુમ્મસ જેવા આકાશગંગાના પદાર્થને તેઓ 'આપ' કહેતા હોવાથી નેબુલા એટલે જ 'આપ' એ નિશ્ચિત થાય છે. શતપથ બ્રાહ્મણ કહે છે કે આપમાંથી પૃથ્વી નિર્માણ થઈ. અર્થાત્ નેબુલામાંથી પૃથ્વી નિર્માણ થઈ. આપણે જાણીએ છીએ કે આકાશગંગા નેબુલાની બનેલી છે. આ સર્જનનું કારણ અગ્નિ છે એમ શતપથ બ્રાહ્મણ જણાવે છે, નેબુલાના સંકોચનને કારણે તેમાં અટવાઈ ગએલ નેબુલા ઉપર દબાણ આવ્યું તેમાંથી અણુ-વિભાજનની પ્રક્રિયા શરૂ થઈ ને જે ગરમી પેદા થઈ તે જ અગ્નિ. આજે અસંખ્ય તારાઓમાં આ જ પ્રક્રિયા ચાલુ છે અને તેથી તેઓ પ્રકાશિત થયાં છે. તેમનું બળતણ પૂરું થતાં તેઓ ખૂબ જ સંકોચાઈને પ્રકાશ માટે પણ અભેદ્ય બની જાય છે. કારણ પ્રચંડ ગુરુત્વાકર્ષણને લીધે પ્રકાશ તેમાં શોષાઈ જાય છે અને પરાવર્તિત થતો નથી. ત્યાંજ શોષાઈ જાય છે. આ બ્લેકહોલનું આજનું સ્પષ્ટીકરણ છે પણ વેદો તેનું જુદી રીતે સ્પષ્ટીકરણ આપે છે. વેદો કહે છે કે જગતમાંના બધા આકારો બ્રહ્મ-શક્તિએ જ લીધેલાં છે. બ્રહ્મશક્તિ સનાતન શક્તિ છે અર્થાત્ તે અક્ષય શક્તિ છે. એકંદરે શક્તિ - સંચયનો નિયમ આ રીતે પ્રસ્થાપિત હતો. શક્તિ એક રૂપમાંથી બીજા રૂપમાં રૂપાંતરિત થાય છે, પણ તેમાં વધઘટ થતી નથી. આ શક્તિએ જે વિવિધ રૂપો લીધાં છે તેને કારણે સમગ્ર બ્રહ્માંડમાં અનેક સ્તરો તૈયાર થયાં છે. તે દરેક સ્તરને પોતાનો આલોક અર્થાત્ પ્રકાશ છે. તેથી તેને 'લોક' કહે છે. આમ સપ્ત લોક છે. આ બ્રહ્મ-શક્તિ પોતે પ્રકાશ સ્વરૂપ હોવાથી

તે આ વિવિધ સ્તરોમાં પ્રકાશ સ્વરૂપે આવન જાવન કરી શકતી હોય છે. એક સ્તરમાં જ્યાં તે સૂક્ષ્મ કે સ્થૂળ રૂપો ધારણ કરે છે તેમ તે એક લોકમાં લુપ્ત થાય છે. ત્યાં 'કૃષ્ણસૂર્ય' (Black hole) રચાય છે. જે બાજુ પ્રગટ થાય છે ત્યાં 'સૂર્ય' રચાય છે, જે તે લોકના પ્રકાશનું ઊર્જાકેન્દ્ર બની જાય છે. આપણો સૂર્ય ભૌતિક જગત માટે સૂર્ય છે. પણ તેની પાછળની બાજુએ અન્ય લોકનું બ્લેક હોલ (કૃષ્ણસૂર્ય) આવેલું છે. તે લોકમાંની ઊર્જા શોષીને આપણા લોકમાં ઊર્જા આપનાર સૂર્ય આ એક ટ્રાન્સફોર્મર છે. વૈદિક ઋષિઓએ યોગ-વિદ્યાથી જાણેલા આ તથ્યને આજના વિજ્ઞાને એક ગૃહિત સત્ય માની ચકાસી જોવું જરૂરી છે.

૨) **વેબસાઈટ :** આજનું વિજ્ઞાન જેને વેબ-સાઈટ અથવા નેટવર્ક કહે છે, તેને વેદકાળમાં 'નાડીજાલ' કહેતા. સમગ્ર બ્રહ્માંડમાં આવા વિવિધ લોકોના નાડીજાલ ફેલાએલાં છે. દરેક પ્રાણી પોતાના લોકના નાડીજાલનો જ ઉપયોગ કરતાં હોવાથી તેને ફક્ત પોતાનો જ લોક દેખાય છે. ટીવી ઉપર જેમ જે ચેનલ એડજેસ્ટ કરેલી હોય તે જ ચેનલના પ્રોગ્રામ દેખાય અન્ય ચેનલનાં નહિ, એવી આ વ્યવસ્થા છે. માનવના સૂક્ષ્મ શરીરમાંના યોગ-ચક્રો આવા વેબસાઈટનાં કેન્દ્રો છે. ત્યાંથી જ જે તે લોકના નાડીજાલને એક્ટિવેટ કરી જે તે લોકના અનુભવો લઈ શકાય છે.

૩) **નક્ષત્ર જ્ઞાન :** નક્ષત્રો બાબત વૈદિક જ્ઞાન નીચે મુજબનું હતું. કોઈ પણ સ્થળની નિશ્ચિત સ્થિતિ જાણવા જેમ આજે અક્ષાંસ રેખાંશનો ઉપયોગ થાય છે, તેમ વેદ કાળમાં નક્ષત્રોનો ઉપયોગ થતો હતો. તે પૃથ્વી કરતા ઘણા પ્રકાશવર્ષો આઘે હોવાથી તેઓ ગતિમાં હોવા છતાં અને તેમની ભ્રમણ કક્ષા ખૂબજ વિશાળ હોવાથી પૃથ્વી માટે તેઓ સ્થિર તારા તરીકે જ અનુભવાતા, તેથી તેમને નક્ષત્ર કહેવામાં આવે છે. નક્ષત્રમાં ન + સ્ત્રુ બે શબ્દો છે. ન નકારાર્થી શબ્દ છે સ્ત્રુનો અર્થ છે ફેલાવું. જેમાંના તારા ફેલાતા નથી, એકબીજાથી આઘા જતા નથી. તેવા તારાસમૂહને 'નક્ષત્ર' કહેવાય છે. તે તારાઓમાં ગુરુત્વાકર્ષણને લીધે એવી સમતોલતા આવી ગઈ છે કે તેઓ સમગ્ર તારાસમૂહ તરીકે ગતિ કરતો હોવા છતાં આપસી અંતરમાં અને સ્થિતિમાં કોઈ તફાવત થતો દેખાતો નથી. સિતારા અને સ્ટાર આ બે શબ્દો સ્ત્રુ ઉપરથી જ આવેલાં છે. વેદકાળમાં દરેક નક્ષત્રને દેવોનાં નામ આપેલાં હતાં અને તે દેવોના નામે જે તે નક્ષત્રનો ઉલ્લેખ થતો હતો. દા.ત. મૃગશીર્ષ નક્ષત્રને સોમ, આર્દ્રાને રૂદ્ર, પુનર્વસુને અદિતિ. વેદોમાં આ દેવતાઓની કક્ષાએ જે તે નક્ષત્ર બાબતની કોઈ ખગોલીય ઘટનાને રૂપાત્મક રીતે વર્ણવતી વાર્તા હોય છે. સ્ત્રુ ઉપરથી અસ્ત્ર અને શસ્ત્ર શબ્દ આવેલાં છે. અસ્ત્ર એટલે નાના ઉપકરણો દા.ત. છરી. શસ્ત્ર એટલે મોટા હથિયારો. દા.ત. તલવાર

૪) **ખગોલ શાસ્ત્ર :** પ્રાણી - સૃષ્ટિને વેદોમાં 'ભૂતસૃષ્ટિ' કહ્યું છે. તેની પહેલાં પૃથ્વી નિર્માણ થઈ (ઈયં વૈ પૃથ્વી ભૂતસ્ય પ્રથમની) તેનો ઉત્તર છેડો દૈવીશક્તિ સ્વરૂપ પ્રાણનો છે અને દક્ષિણ છેડો આસુરી શક્તિ સ્વરૂપ અપાનનો છે. આજની ભાષામાં પ્રાણને ધનવિદ્યુત અને અપાનને ઋણવિદ્યુત કહે છે. પૃથ્વીનો આકાર પરિમંડલ સ્વરૂપનો છે એવો બ્રાહ્મણ ગ્રંથોમાં ઉલ્લેખ છે. પરિમંડળ એટલે એવો આકાર જે બધી જ દિશાઓથી (પરિ) ગોલાકાર (મંડલ) જેવી દેખાય છે સિક્કાના કિનારેથી જોઈએ તો તે ચપટો દેખાય છે. તે મંડલ સ્વરૂપ છે પણ પરિમંડલ સ્વરૂપ નથી. પૃથ્વી દડા જેવી ગોલ છે એમ બ્રાહ્મણોનું કહેવું છે. પૃથ્વીને સૂર્ય કરતાં ૧૦૮ ગણી નાની દર્શાવી છે. આપણા સૂર્ય મંડળનું કેન્દ્ર સૂર્ય છે અને પૃથ્વી ગુરુત્વાકર્ષણને કારણે ગ્રહમંડળમાં ટકી રહી છે, એવો સિદ્ધાંત ભાસ્કરાચાર્યે ન્યૂટનની પહેલા જ શોધી કાઢેલો છે.

૫) **કાલગણના :** કાલગણનાની પદ્ધતિ વેદકાલિન દીર્ઘતમસ ઋષિએ શોધી કાઢેલી છે. વેદોમાંના અસ્ય વામસ્ય સૂક્ત (ક્રમાંક ૧૬૪)માં આ વિગતો આપેલી છે. દીર્ઘતમસના માતાનું નામ 'મમતા' હોવાથી તેમને અહીં 'મમતાપુત્ર' તરીકે વર્ણવ્યા છે. તેમના સંશોધનનો સાર નીચે મુજબનો છે :

૧ સાયન વર્ષ ૩૬૦ દિવસનું હોય છે.

૨ ચંદ્ર - વર્ષ ૩૫૪ દિવસનું હોય છે.

૩ બન્નેના મેળમાં ૬ દિવસનો (૩૬૦ - ૩૫૪ = ૬) તફાવત છે.

૪ તેથી ચાર વર્ષે તાળમેળ કરવા ૧ અધિક માસ ઉમેરીને (૩૦ દિવસનો) તાળમેળ કરાય છે.

૫ વધારાનાં ૬ દિવસનો (વર્ષનાં ૬ મુજબ ચાર વર્ષનાં ૨૪ દિવસ બાકી ગોઠવવાના દિવસ. વર્ષ દરમિયાન ક્ષય તિથિ કે વૃદ્ધિ તિથિ તરીકે ગોઠવી સૂર્ય વર્ષ અને ચંદ્ર વર્ષનો પૂરેપૂરો તાળમેળ ગોઠવાય છે.

૬ સૂર્યની દૃષ્ટિએ પૃથ્વી ઉપરની રાતદિવસની ઘટના હોતી જ નથી. કારણ તે જ્યાં હોય ત્યાં સદા દિવસ જ હોય છે પણ ચંદ્રની દૃષ્ટિએ રાતદિવસ જણાય છે. કારણ ચંદ્ર રાત્રે અને ઘણી વખત દિવસે પણ દેખાય છે. દીર્ઘતમસ કાવ્યમય ભાષામાં આ વિગતો જણાવે છે કે આકાશમાનું મોટું પક્ષી (સૂર્ય) રાતદિવસનાં ફળ ચાખતો નથી પણ નાનું પક્ષી (ચંદ્ર) ચાખે છે. વૈદિક ક્ષર અક્ષર પુરુષ રૂપી બે પક્ષીઓના રૂપકનો જ અહીં તેમણે ઉપયોગ કર્યો છે. તે સ્પષ્ટ છે જેમાં અક્ષરપુરુષ સંસાર-વૃક્ષના ફળ ચાખતો નથી. ક્ષરપુરુષ ચાખે છે એવું વર્ણન છે.

૬) **અંક શાસ્ત્ર :** વેદકાલિન મેધાતિથિએ અંકગણિતની ભેટ આપી છે. તેમણે જ

દશાંશ પદ્ધતિ પ્રચારમાં લાવી યજ્ઞકુંડની રચના માટે ઈંટોની સંખ્યા ગણવા અંકગણિત અને કુંડનો આકાર રચવા ભૂમિતિ શોધાઈ. મેધાતિથિએ સંખ્યામાં એક, દશ, શત, સહસ્ર, અયુત (૧૦,૦૦૦), નિયુત (લાખ-લક્ષ), પ્રયુત (દસ લાખ), અર્બુદ (કરોડ) ન્યુર્બુદ (દસ કરોડ), સમુદ્ર (સો કરોડ), મધ્ય (૫૦૦ કરોડ), અંત (૧૦,૦૦૦ કરોડ); પરાર્ધ (એક લાખ કરોડ) આટલી સંખ્યાની ગણતરી કરી છે.

૭) **અગ્નિની શોધ :** અથર્વણ ઋષિએ અગ્નિ નિર્માણ કરવાની શોધ કરી છે. અરણિની મંથન ક્રિયા તેમણે દાવાનળની પ્રક્રિયા ઉપરથી શોધી કાઢી. થર્વ એટલે કંપન પામવું અર્થવ એટલે સ્થિર, અચલ. એક અરણી જેમાં ખાંચો હોય છે, તે સ્થિર અચલ રખાય છે; બીજી અરણિ જે ડ્રીલની જેમ ખાંચામાં ફરે છે તે ફરતી હોય છે. અરણિ એટલે અરણ્યમાં ઉગેલા વાંસનો કટકો.

આ અથર્વણ ઋષિની શોધનાં આધારે જ અથર્વણે પોતે આકાશીય નેબુલામાંથી પ્રકાશ કેવી રીતે જન્મે છે, તેનો સિદ્ધાંત મુક્યો (ત્વામગ્રે પુષ્કરાદ્ અધિ અથર્વા નિરમન્થત) પુષ્કર એટલે સરોવર. નેબુલાનું સરોવર તેમાં અણુવિભાજનના મંથનરૂપી પ્રક્રિયાથી (નિરમન્થન) અગ્નિ (પ્રકાશ) નિર્માણ થાય છે, એવું અથર્વણ ઋષિએ પ્રથમ શોધી કાઢ્યું.

અગ્નિમાં અ + ગ બે શબ્દો છે. 'અ' નકારાર્થી શબ્દ છે. 'ગ' ગમનવાચક અર્થાત્ સ્થળાંતર વાચક શબ્દ છે. જ્યારે અણુવિભાજનની પ્રક્રિયા એક જ મર્યાદિત સ્થળે થઈને થાય છે, ત્યારે અગ્નિ નિર્માણ થાય છે. જ્યારે તે સ્થળાંતર કરે છે ત્યારે 'વિદ્યુત' તૈયાર થાય છે એમ અથર્વણનું કહેવું છે.

તેથી સૂર્યમાંનો પ્રકાશ અગ્નિનો પ્રકાશ છે. તેના સાત ઉપપ્રકાર પણ વૈદિક ઋષિઓ જાણતા હતા. તે જ ઈન્દ્રધનુષ રચે છે. ઋગ્વેદમાં જણાવેલ છે કે 'સપ્તરશ્મિઃ અદધત્ તમાંસિ, (૪-૫૦-૪) અર્થાત્ અણુવિભાજન પૂર્વેની અંધકારમય સ્થિતિમાંથી સાત પ્રકારનાં પ્રકાશ કિરણો અણુવિભાજનની પ્રક્રિયાથી નિર્માણ થયાં તેમણે જ આ વિવિધરૂપોનો ભાર સહન કરેલ છે. અર્થાત્ ધારણ કરેલ છે. માલવહનનું કામ વૈદિકકાળમાં વૃષભ મારફત કરાતું તેથી આ સપ્ત કિરણોને વૃષભઃ તરીકે વર્ણવેલ છે. યઃ સપ્તરશ્મિઃ વૃષભઃ (અર્થવ ૨૦-૩૪-૧૩) દરેક પ્રકાશ રંગના ફરી તીવ્ર મધ્યમ અને આછો એવી ત્રણ છટાઓ ગણીને કુલ ૭ x ૩ = ૨૧ વૈશ્વિક કિરણો વેદોમાં માન્ય કરેલાં છે તેમણે જ આ જગતમાંના બધી વસ્તુઓનાં રૂપો ધારણ કર્યા છે. યે ત્રિશપ્તાઃ પરિયંતિ વિશ્વારૂપાણિ બિભ્રતઃ (અર્થવ ૧-૧-૧) સારાંશ જગત સમગ્ર વિશ્વકિરણો સ્વરૂપે પ્રકાશ સ્વરૂપ જ છે, એ વૈદિક ઋષિઓ જાણતા હતા. (ક્રમશઃ)



**શ્રી અરવિંદ**

ભારત-આત્મા-સુજાગરઃ, સંસ્કૃતિ-નિષ્ઠા વિવર્ધકઃ ।
ક્રાંતિયજ્ઞ ઉદ્‌ઘોષકઃ, મહાકાવ્ય સુલેખકઃ ॥



## કૂર્મ - અવતાર

દેવો ઉત્ક્રાંતિ ધપાવતા, અસુરો ટીકા-ટીપ્પણી રૂપ,
બન્નેના સહયોગથી, જગ વિકસે પ્રભુ - સ્વરૂપ.

આ જ ચેતન વલોવણું, સમુદ્રમંથન કહેવાય,
તેને આગળ ધપાવતો, કૂર્માવતાર પ્રભાવ.

મત્સ્ય જળચર પ્રાણી ગણ્યું, ઊત્ક્રાંતિ આગળ વધે,
જળ - સ્થળ - ઉભયચર પ્રાણી થયું, કૂર્માવતાર ગણે.

સુરક્ષિત જીવન બને, જિજીવિષાનો નિર્ધાર,
તેથી કૂર્માવતાર ગણે, સમુદ્ર - મંથન - આધાર.

(દેવાસૂર સમુદ્ર મંથનમાં મંદાર પર્વતનાં આધારરૂપે શાસ્ત્રો કૂર્માવતારને ગણે છે)


સહજ-સત્સંગ

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૫

**લવાજમ : વાર્ષિક માતૃચરણે અર્પણ : રૂા.૧૦૦.૦૦ વિદેશમા : ૮૦૦.૦૦**

Registered with the registrar of Newspaper for INDIA
No. 07598/22 A.K. 9-T.C. Regd. No. GRJ-303 Valid upto Dec.-2011

DATE OF POSTING : 1st OF EVERY MONTH